પ્રેમ

સ્વ. અશ્વિનીકુમાર દત્ત

નવયુગ પ્રકાશન મંદિર

'નવયુગ'ના દ્વિતીય વર્ષની ભેટ

પ્રેમ

લેખક

સ્વ૦ અશ્વિનીકુમાર દત્ત.

ભાષાંતર કરનાર

કલ્યાણજી વિઠ્ઠલભાઈ.

નવયુગ પ્રકાશન મંદિર

સુરત

કિંમત ૦-૮-૦

મુદ્રક અને પ્રકાશક.
ભાઈલાલ ઝવેરભાઈ પટેલ,
'નવયુગ' મુદ્રણાલય, લીમડાચોક, સુરત

સં. ૧૯૮૧. ઇ. સ. ૧૯૨૫.

અનુક્રમણિકા.

—[o]—

અશિક્ષિત છતાં સંસ્કારી,

દુખિની છતાં પરહિતમાં નિજહિતને હોમનારી,

સંસારી છતા તપસ્વિની,

અકૃતજ્ઞ પ્રતિ પણ પ્રેમાળ,

શુદ્ધ પ્રેમ-તત્ત્વને જીવનમાં ઉતારનાર,

નાનકડા દેહમાં ઉન્નત આત્માને ધારણ કરનાર,

મૃત્યુની શય્યાએ સુતેલી છતાં વિદ્યુત-સંચારથી ઉઠીને

સૂતર અને અક્ષત કુંકુમથી 'કેસર બીના' ને હસતે વદને

કારાવાસની વિદાય દેનાર, અને એ કારાવાસની સમાપ્તિ

પહેલાંજ સંસારમાંથી કાયમની વિદાય લેનાર

પ્રિય કાશીના

પવિત્ર અને અમર આત્માને

તેનાં દુઃખનાં આંસુ લુછવાથી કે આશ્વાસનના

એક શબ્દ પણ સંભળાવવાથી

વંચિત રહેનાર

તરફથી

પ્રેમભક્તિપૂર્વક

સમર્પણ.

નિવેદન

આરિસાલના 'બ્રિજમોહન વિદ્યાલય'માં "**बान्धव समिति**" નામનું એક મંડળ છે. વિશ્વવિદ્યાલયે નિર્ણિત કરેલા વિષયોના પઠનપાઠનથી ઉપર્યુક્ત વિદ્યાલયનું ધ્યેય સમ્યક્ રીતે સફળ થતું નથી, એમ લાગવાથી, સંસ્થાના ચાલકોએ આ મંડળની સ્થાપના કરી હતી. એમાં નીતિનું અને અસાંપ્રદાયિક સર્વદેશીય ધર્મતત્ત્વનું શિક્ષણ આપવામાં આવે છે. જેની આલોચનાથી ચારિત્ર્યગઠન થાય અને જન-હિતૈષણા તથા ઇશ્વરપ્રેમની વૃદ્ધિ થાય તેવા તેવા બધા વિષયોની ચર્ચામાં હિન્દુ, બ્રાહ્મ, ખ્રિસ્તી, મુસલમાન બધાયે એક સરખી રીતે વિના સંકોચે ભાગ લઈ શકે, અને જે

વિષયો તરફ દુર્લક્ષ કરવાથી યુવકો નીતિભ્રષ્ટ થવાનો સંભવ હોય તેવા બધા વિષયોની આલોચના કરવી એ આ મંડળનો હેતુ છે. શનિવારે સંધ્યા પછી સભાનું અધિવેશન થાય છે. કોઈ શિક્ષક અથવા શ્રદ્ધેય વિદ્યાર્થી સદ્ગ્રંથનું વાચન કરે છે અથવા સદુપદેશ આપે છે. સભાના કાર્યનો આરંભ અને ઉપસંહાર ધર્મસંગીતથી થાય છે. **"सत्य, प्रेम, पवित्रता"** એ આ સભાનો મુદ્રાલેખ છે.

શ્રી **અશ્વિનીકુમાર** દત્તે આ સભામાં પ્રેમના વિષય પર ક્રમશઃ થોડાંક વ્યાખ્યાનો આપ્યાં હતાં. યૌવનના આરંભમાં યુવકો પાત્રાપાત્રતાનો વિચાર કર્યા વિના એકદમ ગમે તે વ્યકિતને પોતાના હૃદયનો તમામ પ્રેમભંડાર અર્પણ કરી દેવા તત્પર થાય છે. ઘણી વાર એનું પરિણામ માઠું આવે છે, એ સિદ્ધ કરવાની ભાગ્યેજ જરૂર હોય. પણ જીવનના આ સંધિકાળમાં હૃદયમાં અવનવા ભાવો ઉદય પામે તે પહેલાંજ યુવકોનું લક્ષ કોઇ ઉચ્ચ આદર્શ તરફ દોર્યું હોય તો ભવિષ્યમાં આ યુવકો દેશના ગૌરવમાં વૃદ્ધિ કરે, પોતાના કુટુંબને સુખશાન્તિ આપે અને પોતાનાં કુલ તથા જાતિને દીપાવે. આવા પ્રયત્નને અભાવે તેઓ ચિત્તમાં ચંચળતા ઉત્પન્ન કરે એવી નવલકથાઓ વાંચીને તથા નિરાશાભરેલાં પ્રેમગીતો ગાઇ રચીને નિરંકુશ અને કલુષિત જીવન ગાળવા લાગે. વિદ્યાર્થીઓની સાથે આજીવન સમાગમમાં આવ્યાથી તેમના હૃદયગત ભાવોનો વકતાને બહુ ગાઢ પરિચય છે અને

તેથી તેમાં રહેલાં નિગૂઢ રહસ્યોને તેમણે સહાનુભૂતિ સહિત એવી સફળતાથી ઉકેલ્યાં છે કે તે જોઈ આપણને વિસ્મય થયા વિના રહેતું નહિ. તે જાણે છે કે શિક્ષા, ઉપાલંભ અને સખ્ત નિયમોથી જે પરિણામ નથી આવતું તે સહાનુભૂતિ ભર્યા મધુર વાક્યો વડે સહેજે આવી જાય છે અને વિદ્યાર્થીઓને પવિત્ર જીવન તરફ અનાયાસે ધીરે ધીરે આકર્ષી શકાય છે. આ નિયમને અનુસરીને તેમણે **बान्धव समिति** સમક્ષ પ્રેમના વિષયપર ત્રણ વ્યાખ્યાનો આપીને શિક્ષક અને શિષ્ય વર્ગને ઉપકૃત કર્યો છે. એ સમિતિ તરફથી આ ઉપદેશ સામાન્ય જનતાના લાભાર્થે પ્રકટ કરવામાં આવ્યો છે. આજ સુધીમાં બંગાળીમાં આ પુસ્તકની છ આવૃત્તિ નીકળી ચુકી છે એ એની ઉપયોગિતા સિદ્ધ કરે છે.

યરોડા જેલમાં મેં એ પુસ્તક મારા કારાવાસ દરમિયાન પહેલ વહેલું વાંચ્યું અને ગુજરાતના યુવક બંધુઓને ભેટ કરવા તેનો તત્કાળ અનુવાદ કરવા હું લલચાયો. પુસ્તકમાં આવેલાં બંગાળી ગીતોના ભાષાંતર માટે હું મારા મિત્ર ભાઈ **જુ**ગતરામ દવેનો અને મારી સાથે ભાષાંતર તપાસીને યોગ્ય સુધારો સૂચવવા બદલ ભાઈ **નર**હરિ પરીખનો આભારી છું. પાછળ આપેલી નોંધ અને શ્રી **અશ્વિ**નબાબુના પરિચયથી પુસ્તકની ઉપયોગિતામાં વધારો થાય છે. એ બન્ને મારા મિત્ર ભાઈ **ન**ર્મદાશંકર **બા**ળાશંકર પંડયાએ લખી આપ્યાં છે તે માટે તેમનો પણ આભાર માનું છું.

—

મહાત્મા ગાંધીજીની આત્મશુદ્ધિની પ્રવૃત્તિથી લોક-સમૂહની દબાઇ ગયેલી હલકી વૃત્તિઓ હમણા હમણા ચોમાસાના નિંદામણની પેઠે પાછી બમણા વેગથી પ્રકટી નીકળતી જોવામાં આવે છે. એવે વખતે પોતાનું આખુ જીવન નવયુવકો અને જનતાને ઉન્નત બનાવવામાજ વ્યતીત કરનાર એક પવિત્ર અને ત્યાગી પુરૂષે 'પ્રેમ'ની જે સમીક્ષા કરી હતી તેને 'નવયુગ'ના વાચકો વધાવી લેશે એવી આશા છે. દરેક યુવાન ભાઇ બહેન આ પુસ્તક વાંચે અને શુદ્ધ પ્રેમને ગ્રહણ કરે.

"નવયુગ" કાર્યાલય,
સુરત ता. ૩-૬-૨૫

કલ્યાણજી વિઠ્ઠલભાઇ

"**બાંધવ** સમિતિ"ના વાવટા પર જે મંત્ર અંકિત છે તેના બીજા શબ્દ 'પ્રેમ' ઉપર હું કંઈક બોલીશ. યુવકો સમક્ષ પ્રેમ સંબંધી ચર્ચા આવશ્યક છે. આજકાલ બજારમાં શયતાન પ્રેમને નામે અનિષ્ટ પદાર્થ વેચી રહ્યા છે. યુવકગણ અજાણ-પણે તેને ખરીદે છે. પ્રેમને નામે કામ, મોહ વેચાઈ રહ્યા છે. યુવકોને સાવધાન કરવાના કર્તવ્ય તરીકે મેં આ વિષય છેડયો છે.

પ્રકૃતપ્રેમ જગતનો સાર છે, અમૂલ્ય પદાર્થ છે, અને પૃથ્વીને સ્વર્ગ બનાવવાને માટે સ્વર્ગમાંથી ઉતરી આવે છે. જે સ્વયં પ્રેમસ્વરૂપ છે તેજ પ્રેમની પ્રેરણા કરે છે. મારા તમારા જેવાના પ્રયત્નથી તે લાવી શકાતો નથી. બજારમાં તે મળી શકતો નથી. દિવ્યધામની સામગ્રી દિવ્યધામથીજ આવે છે અને મનુષ્યને દિવ્યધામે લઈ જાય છે. જગતનું અસ્તિત્વ છે પ્રેમને આધારે. વાયુ વિચરે છે પ્રેમને આધારે, પાણી વહે છે પ્રેમને આધારે. જમીન ખેડાય છે પ્રેમને આધારે,

અને આપણો આહાર પણ પ્રાપ્ત થાય છે પ્રેમને આધારે. તમે અને હું પ્રેમના ગોલકમાં બેઠા છીએ તોપણ પ્રેમ શું છે તે જાણતા નથી; જાણવો સ્હેલ પણ નથી. જેના ચરણથી પતિતપાવની પ્રેમગંગાની ઉત્પત્તિ છે તેના સંબંધમાં કંઈક જાણ્યા વિના પ્રેમનું ભાન શી રીતે થાય ?

જ્યાં ભગવાનના વિષે મતિ નથી ત્યાં પ્રેમ ઉભી શકતો નથી, પ્રેમનો પાયોજ ભગવાન છે. યુવકો, સંશોધન કરીને જુઓ કે તમારા ચાહના મૂળમાં ભગવાન છે કે નહિ ? જેને ચાહો છો તેની સાથે ભગવાન અને તેની કૃતિઓ સંબંધી વાતો કરવાની ઇચ્છા થાય છે કે નહિ ? પવિત્રતાનો સંચય કરવા માટે પરસ્પર સાહાય્ય કરો છો કે નહિ ?

જ્યાં પવિત્રતા નથી ત્યાં પ્રેમ નથી, પ્રેમસ્વરૂપનું અસ્તિત્વ પવિત્રતામય છે, તેથી પવિત્રતા વિના પ્રેમ સંભવતો નથી. જે પ્રેમમાં કોઇપણ પ્રકારનો દુન્યવી મોહ રહેલો છે તે પ્રેમ કદી પણ પ્રેમના નામને યોગ્ય નથી.

આજકાલ બહુધા, યુવકવર્ગ કલુષિત મોહ અને કામને પ્રીતિપૂર્વક પ્રેમના નામે સંબોધતા જોવામાં આવે છે. મૂઢ યુવકો શયતાનના ફંદમાં ફસીને આમ કરે છે, નકલી માલને અસલ માલ તરીકે વેચવો એ તો શયતાનનું કામજ છે. પ્રેમને નામે–દાંપત્યપ્રેમ, બંધુતા, ભ્રાતૃસ્નેહ ઇત્યાદિ સુંદર સુંદર નામ આપીને–કામ અથવા મોહને તે રજુ કરે છે અને મૂર્ખ યુવકો આનંદમગ્ન થઈ તેને ગ્રહણ કરી લે છે.

ખરા અને ખોટા માલમાં શો ભેદ છે તે મારે તમને દર્શાવી આપવો જોઇએ. ખરા માલ ઉપર પ્રેમ રાજ્યના રાજાની છાપ જોવામાં આવશે. જેના ઉપર તેની છાપ ન જુઓ, ત્યાં ખબરદાર, તેને કદી પણ હાથ ધરશો નહિ. સ્વર્ગના પ્રત્યેક પદાર્થ પર જ્વલંત અક્ષરે ભગવાનની મહોર છપાયલી જોશો. પરંતુ શયતાન તેની પણ નકલ કરી શકે છે; પવિત્રતાના વેશમાં અપવિત્રતાને રજુ કરે છે. જરાક બારીક નજરે નિહાળશો તો કાળો ડાઘ દેખાઈ આવશે. એ ડાઘ ક્રમે ક્રમે ફેલાઈ આખા જીવનમાં વ્યાપી જાય છે, છેવટે જેમણે આદરપૂર્વક એ પદાર્થને ગ્રહણ કર્યો હોય છે તેમને મોતની દશાએ પહોંચાડે છે. તમારામાંના પ્રત્યેક પોતાની જીવનરક્ષાને માટે તપાસી તપાસીને જોઈ લેવાની જરૂર છે કે તમારા પ્રેમમાં કોઇપણ સ્થળે એ કાળો ડાઘ છુપાયલો તો નથી ? જો હોય તો સમજી લો કે શયતાનનો માલ લીધો છે. આ પ્રમાણે સર્વ નાશ થતો હોય ત્યારે પુકાર કરીને પ્રેમરાજ્યના તે અધિપતિનો કરૂણસ્વરે પ્રાર્થના કરો, "હે ભગવાન્ ! રક્ષા કર. રક્ષા કર. આ પાપી પ્રેમ દૂર કરીને તારો પવિત્રતાઅંકિત શુદ્ધ પ્રેમ આપીને આ દાસને કૃતાર્થ કર." તેને પુકારતાં પુકારતાં શયતાનનો માલ નષ્ટ થશે, સાચો પ્રેમ પ્રગટ થશે, હૃદય અને મનને શાંતિ વળશે, જીવન ધન્ય થશે. તમે જેને ચાહો છો તેને એક વાર તાકીને જુઓ, તેનું મુખ જોતાં ભગવાન યાદ આવે છે કે નહિ ? હું તમને ક્રમશઃ પ્રેમનાં લક્ષણ તથા

તેની સાધનાના ઉપાયો બતાવીશ. આજે એટલુંજ કહું છું કે પ્રેમના સંબંધમાં સર્વદા આત્મપરીક્ષા કરવી જોઇએ. તમારા પ્રેમનું પાત્ર તમારો આત્મસંયમ નષ્ટ તો નથી કરતો? કર્તવ્યકાર્ય કરવાની ઇચ્છાને દબાવી તો નથી દેતો? તેના મિલન અથવા વિરહથી હૃદય ક્ષુબ્ધ તો નથી થતું? કોઇપણ રીતે તેને લઇને ક્ષણિક સુખોપભોગ કરવાની ઇચ્છા તો નથી થતી? તમને ચાહનાર બીજા કોઇને પણ તેજ પ્રમાણે ચાહે તો તમારા મનમાં ઇર્ષ્યાનો ઉદય તો નથી થતો? જો એવું જણાય કે આત્મસંયમ નષ્ટ થાય છે, કર્તવ્ય કાર્યને હાનિ પહોંચે છે, ક્ષણિક સુખોપભોગની ઇચ્છા થાય છે. ઇર્ષ્યા ઉદય પામે છે, તો જાણી લો કે તમારો પ્રેમ વિકારી છે; પ્રકૃત અથવા સ્વાભાવિક નથી. જેથી કરીને એ વિકાર દૂર થાય તેને માટે પ્રયત્નવાન થવું જોઇએ અને પોતાની જાતને દમવી જોઇએ.

ઉપસંહારમાં ફરીથી કહું છું કે જે પ્રેમ પગથી માથા સુધી પવિત્રતામય નથી તે પ્રેમ પ્રેમ નથી–તેનું મૂલ્ય ફુટી બદામ પણ નથી. બલ્કે પ્રેમશૂન્ય રહેવું સારૂં પરંતુ અપવિત્ર પ્રેમને હૃદયમાં સ્થાન આપવું નહિ. એ મોહમદિરાના પાનથી અનેક યુવકોનાં ચારિત્ર સ્ખલિત થયાં છે. વર્ગમાં સારા વિદ્યાર્થી હતા પણ દિવસે દિવસે મંદ થતા ગયા અને અંતે કેવળ નષ્ટ થયા. જેનું મન આ પ્રમાણે એક વખત ક્ષણિક સુખોપભોગમાં ડૂબ્યું તેનામાં પછી ગંભીર વિષયોનો

વિચાર કરવાની શક્તિ રહેતી નથી. મગજ નબળું પડી જાય છે અને તે જીવનપર્યંત કશુંયે કરી શકતો નથી. કઇ કેટલા ઇર્ષ્યાનલમાં બળી બળીને પોતાના શરીર અને મનને ખાક કરે છે. બીજમાંથી અંકુર ફુટે છે અને તે પછી એક બે પાંદડી દેખા દે છે; ત્યારે માળીને કેટલો આનંદ થાય છે? આ અંકુરમાંથી મોટું વૃક્ષ થશે, સેંકડો વ્યક્તિ એની છાયાના આશ્રયથી શીતળ થશે; પણ હાય! બે દિવસ વિત્યા ન વિત્યા એટલામાં તેને કીડો લાગ્યો, જોત જોતામાં પાંદડીઓ ખરી પડી અને બાળવૃક્ષ સુકાઇ ગયું! એક એક બાલકની પ્રતિભા જોઇને કેટલીએ આશા ઉદ્દભવે છે. દિવસે દિવસે ઉન્નતિના કેવા સરસ પરિચય થતો જાય છે, શારીરિક, માનસિક અને નૈતિક બળના કેવા સુંદર ક્રમિક વિકાસ દૃષ્ટિગોચર થાય છે! આશા બંધાય છે—એક દિવસ આ બાળકના ચરણતળના આશ્રય લઇને સહસ્ત્ર સહસ્ત્ર સંસાર—સંતપ્ત જીવો શીતળ થશે. એને હાથે જગતનું અપાર કલ્યાણ સધાશે. પરન્તુ કોણ જાણે કયે કાળચોઘડીએ પેલા ઝેરી કીડાએ પ્રવેશ કર્યો અને હૃદયના મર્મસ્થાનમાં ડંખ દીધો! હવે બાળકના તે ભાવો નથી રહ્યા; દિવસે દિવસે તે પ્રતિભા રાહુગ્રસ્ત ચંદ્રની પેઠે મલિન થવા લાગી; આત્માનાં તે તેજ, સાહસ, ઉદ્યમ, શક્તિ ક્રમે ક્રમે ક્ષીણ, વધુ ક્ષીણ અને અંતે છેકજ ક્ષીણ થઇ ગયાં. એ ઉન્નતિ અવનતિમાં પલટાઈ ગઇ. સારી આશાઓ ઉપર પાણી ફરી વળ્યું. તેનું જીવવું કે મરવું

સરાખુંજ થઇ રહ્યું. તમારામાંના કોઇની પણ એ દુર્દશા ન થાઓ. કોઈ પણ કામ અને મોહના પાશમાં બંધાઇને મૃત્યુમુખમાં ન જઈ પડો, એટલાજ માટે તમને વારંવાર કહું છું કે પ્રેમના સબંધમાં આત્મપરીક્ષા કરો. શુદ્ધ, પવિત્ર ભગવદ્ પ્રિય પ્રેમ પસંદ કરી તે દ્વારા જીવન કૃતાર્થ કરો. ભગવાન તમને સહાય થાઓ.

(બંગાળી સં. ૧૩૦૦, ભાદ્ર, ૧૧).

[૨]

પ્રેમનાં લક્ષણ.

પ્રેમ સમૂદર ભર્યાં અતળ જળ
એમાં તે આજ અમે ડૂબશું રે,
ડૂબશું ડૂબશું ડૂબશું રે વહાલા!
એમાં અનન્તકાળ ડૂબશું રે.

ભવના ભડકા બાળેરે ભડ ભડ
એને તે આજ અમે ભૂલશું રે,
પ્રેમ સમૂદર ભર્યાં અતળ જળ
એમાં તે આજ અમે ડૂબશું રે.

લાગ્યા હિલોળા ને રીઝયા છે પ્રાણ
પ્રેમરંગ રેલ્યો ને મનડું મસ્તાન
પ્રેમ તરંગની છોળમછોળ
એમાં તે આજ અમે ઝીલશું રે,

પ્રેમ સમૂદર રે અતળ જળ
એમાં તે આજ અમે ડૂબશું રે.

મીનને નીર શું સાચો સનેહ
    સહ્યા ન જાય વ્રેહ વામે જ દેહ,
પ્રેમી હું મીન થાઉં પ્રેમ સમૂદર
    ઘરાં રે પ્રેમ જગ વાસશું રે.
પ્રેમ સમૂદર ઝૂલે અતળ જળ
    એમાં તે આજ અમે ડૂબશું રે.
શીદ મઝધામ આવી સેવીએ હવે
કાને તે કાજ પડી રહીએ હવે
પ્રેમ સમૂદર ડોલે અતળ જગ
    એમાં તે આજ અમે ડૂબશું રે.
જેવો પેલો ગોપિકાનો વ્હાલો ડૂબેલ
    એવાંજ આજ અમે ડૂબશું રે

હે પ્રેમાભિલાષી યુવકો, જો તમારે પ્રેમને પિછાનવો હોય તો પ્રેમસાગરના જળનુ પાન કરો. પ્રેમ શી વસ્તુ છે તે જાણવા માટે આ સાગરના જળનું પાન કરવું પડશે, એ જળમાં નહાવું પડશે, એમાં ઉંડા ઉતરવું પડશે, એમાં ડૂબકી મારવી પડશે. એ સાગર સિવાય બીજે કહીં પણ પ્રેમ શોધ્યો નહિ મળે. એજ સાગરમાં ડૂબકી મારો. એજ પાણી પીઓ. એ સાગરમાં જે જેટલે ઉંડે ડૂબકી મારી શકશે તે તેટલે અંશે પ્રેમતત્વને જાણી શકશે, તેટલેજ અંશે પ્રેમરત્નની પ્રાપ્તિ કરી શકશે. આ સ્થળ સિવાય પ્રેમ બીજે કહીં પણ નથી. અહીંજ એ પ્રેમ છે. બજારમાં જે જોવામાં આવે છે તે પ્રેમ નથી. જે પ્રેમનું મૂળ છે તેની પાસેથીજ પ્રેમ પ્રાપ્ત કરી શકશો, તેના ચરણ આગળ ભિક્ષાર્થી બનીને ઉભા રહો અને તેના દ્વાર ઉપર “ પ્રેમ

આપો" "પ્રેમ આપો"ના પોકાર પાડો. તે આપશે ત્યારેજ પ્રેમ મળશે. સંસારમાં પ્રેમને નામે કામ વેચાય છે, મોહ વેચાય છે; શુદ્ધ પ્રેમ મળતાંજ કામ દૂર થશે. સાચા પ્રેમને માટે પ્રેમ સિન્ધુમાં ડૂબો. તમારા શરીરને એ જળનો સ્પર્શ થતાં ચારે તરફ પ્રેમજ પ્રેમ દેખાશે: સ્વર્ગમાં પ્રેમ, મૃત્યુલોકમાં પ્રેમ, આકાશમાં પ્રેમ, ભૂતળ પર પ્રેમ–પ્રેમ નથી કયે સ્થળે?

હું પહેલાંજ કહી ચૂકયો છું કે પ્રકૃત પ્રેમ સ્વર્ગમાંથી આવે છે. એ સ્વર્ગીય પદાર્થ છે–સ્વર્ગની તેના પર છાપ હોય છે. એ છાપમાં શું શું જોવામાં આવે છે અને પ્રેમનાં લક્ષણ શાં શાં છે તે હવે કહું છું.

પ્રેમમાં નીચેના ભાવો જોવામાં આવશે.

૧. આનંદ
૨. નવીનતા
૩. નિત્યતા
૪. ઉચ્ચતા
૫. વ્યાપકતા
૬. નિઃસ્વાર્થતા

પ્રેમમાં પરમ આનંદ છે, મધુર રસનું આસ્વાદન છે. પ્રેમ આનંદમાં પ્રકાશે છે: પ્રેમસ્વરૂપ એજ તો આનંદસ્વરૂપ છે. **रसो वै सः** તે રસસ્વરૂપ છે, તેથી પ્રેમમાં અખંડ આનંદ છે. તે આનંદનો અંત નથી, અને વિરામ નથી. પ્રેમપાત્રને જોતાંજ અંતરમાં આનંદની લહરીઓ ઉઠે છે; તેના સ્મરણ અને મનનમાં કેવળ આનંદજ છે. હૃદય આનંદથી ભરાઇ

જાય છે, કારણ કે પ્રેમપાત્ર આનંદની મૂર્તિ છે. પ્રેમીનું હૃદય સદા આનંદથી પરિપૂર્ણ રહે છે. તેના સુખમાં આનંદ અને દુઃખમાં યે આનંદ. દુઃખના સમયમાં પ્રેમપાત્ર છાતી ઉપર હોય તો દુઃખનો ભાર ઘણો હલકો થાય છે. જેણે પ્રેમના ઉગમ પાસેથી પ્રેમ પ્રાપ્ત કર્યો છે તે મૃત્યુમાં પણ આનંદજ અનુભવે છે કારણ કે પ્રેમસ્વરૂપજ મૃત્યુનો વિધાતા છે અને તે આનંદ સ્વરૂપ છેજ.—

आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते ।
आनन्देन जातानि जीवन्ति ।
आनन्दं प्रयन्त्यभिसंविशन्ति ।

(તૈત્તરીયોપનિષત્, ભૃગુવલ્લી)

આનંદમાંથીજ જીવ માત્ર જન્મ ધારણ કરે છે, આનંદનું અવલંબન કરીનેજ જીવે છે. અને મૃત્યુ પછી આનંદમાંજ પ્રવેશે છે. એટલે મૃત્યુ પ્રેમની લીલા છે, પ્રેમનો ખેલ છે. હું મૃત્યુ પામું છું—આનંદમાંથી આનંદ પ્રતિ જાઉં છું: મારૂં પ્રેમપાત્ર મૃત્યુ પામે છે—પ્રેમ સ્વરૂપની પ્રેમ ભરી આજ્ઞાથી આનંદમાંથી આનંદ પ્રતિ જાય છે તો પછી દુઃખ શેનું ? આનંદ વિના બીજી વાતજ નથી. આનંદ ! આનંદ !

જ્યાં સુધી વિપદમાં, દુઃખમાં, મૃત્યુમાં આનંદ અનુભવાતો નથી ત્યાં સુધી પ્રેમ જામતો નથી. જ્યારે વિપદમાં આનંદ મળે ત્યારેજ પ્રેમનો રંગ જામે. ગમે તેવા દુઃખમાં પ્રેમીનું મન ઉદ્વિગ્ન થતું નથી; પ્રેમની આનંદધારા તેના હૃદયને

તરબોળ કરતી અખંડ વહે જાય છે; અને દુઃખતાપથી તપેલી વાલુકા તેમા પડીને શીતળ થાય છે. આજે ઘરમાં અન્ન નથી પરંતુ એ દુઃખથી પ્રેમીનું મુખ કદી પણ મ્લાન થતુ નથી. તે જાણે છે કે સુખ અને દુઃખ પ્રેમસ્વરૂપમાંજ વસેલાં છે. પ્રેમપાત્ર અને પ્રેમીને ઉદ્દેશીને લોકો તરેહતરેહની વાતો ઉડાડે છે, નિંદાનો કોલાહલ ચારે તરફથી ઉડે છે પરન્તુ પ્રેમીના હૃદયમાં એ વાતનું લેશમાત્ર દુઃખ નથી. લોકાપવાદ સાંભળતાં સાંભળતાં પ્રેમી બોલી ઉડે છેઃ—

"તેરી મેરી દોસ્તી લાગી, લોગોંને બદનામ કિયા,
લોગ સબકો બકને દીજે, તુમને હમને કામ કિયા."

તારી અને મારી વચ્ચે મિત્રતા બંધાઈ છેઃ અનેક લોકો આપણા ઉપર કલંક ચઢાવી રહ્યા છે. તેમને બકવું હોય તે ભલે બકે; તે અને મે તો સાચુ જ કામ હાંસલ કર્યું છે.

ભગવાનને લક્ષીને એક પ્રેમીએ એ વાત કરી હતી. પ્રત્યેક પવિત્ર પ્રેમપાત્રને ઉદ્દેશીને એ કહી શકાય છે. કષ્ટમાં, વિપદમાં, શોકમાં, દુઃખમાં 'હું અને મારૂં પ્રેમપાત્ર ભગવાનની ગોદમાં છુપાયાં છીએ' એનું સ્મરણ કરીને પ્રેમીનું હૃદય આનંદથી નાચી ઉડે છે. વિપત્તિ જેટલી ભીષણ, આનદ પણ તેટલોજ વધારે. પ્રેમી મયૂર છે. તે મેઘને જોતાંજ કળા કરીને નાચવા માંડે છે. વિપત્તિઓમાંજ પ્રેમનો અધિક વિકાસ થાય છે. તમે મને ચાહો છો કે નહિ એની પરીક્ષા જેવી વિપત્તિના સમયમાં થાય તેવી બીજે વખતે

થઈ શકતી નથી. અને હું તમારા ઉપર પ્રેમ રાખું છું કે નહિ તેની પરીક્ષાનો સુયોગ પણ તમારી વિપદ્દશાજ છે. ક્રિસુએ વધસ્તંભ પર પ્રાણત્યાગ સમયે પ્રેમનું જે નિદર્શન કરાવ્યું તેવો સુયોગ તેને જીવનભરમાં મળ્યો ન હતો; તેથીજ તે મૃત્યુ સમયે પણ અવિચલ હતો. પ્રહ્લાદ હાથીના પગ તળે પડ્યો પડ્યો પણ આનંદનૃત્ય કરી રહ્યો હતો. શ્રીહરિ ઉપર પ્રેમ રાખવાના કારણે તો તેને હાથીના પગ તળે ફેંકવામાં આવ્યો હતો; તો પછી તેજ પ્રેમનો આનંદ જવાનો હતો ક્યાં?

વિપત્તિમાં મનુષ્ય સુવર્ણ બને છે. **यथा सहस्रधाध्माते न मलं किल कांचने** જે પ્રમાણે સહસ્ત્રવાર તપાવ્યા પછી સુવર્ણમાં મલ નથી રહેતો તેજ પ્રમાણે સહસ્ત્રવાર દુઃખાગ્નિમાં તપ્ત થવાથી હૃદયમાં મેલ રહેવા પામતો નથી. ભગવાન મેલા સોનાને વિપત્તિમાં નાખીને શુદ્ધ કરી લે છે, એ વાતના વિચાર માત્રમાંજ કેટલો આનંદ છે! મારૂં પ્રેમપાત્ર શુદ્ધ સુવર્ણ બને છે એમ વિચારતાં કોને આનંદ નહિ થાય? માટેજ કહું છું કે પ્રેમીના હૃદયમાં સુખમા કે દુઃખમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં સદૈવ આનંદ લહરીજ લહેરાય છે. જો દુઃખમાં કે વિપત્તિમાં તમારો આનંદ સ્થિર ન રહી શકે તો સમજવું કે રક્તમાંસ કે સ્વાર્થના ખાબોચીયામાં કામ અથવા મોહરૂપી કાદવ ખદબદે છે. તમે કહો છો કે પ્રેમના સાગરમાંથી તમે નિર્મલ, સ્વચ્છ, શીતલ પ્રેમ લઇ આવ્યા છો, પરંતુ તે વાત

જૂદી છે. પ્રેમ કંઈ આ ક્ષણસ્થાયી સંસારના સુખ દુઃખમાં બંધાયેલો નથી. તે તો નિત્ય છે તેથી અનિત્ય સુખમાં પણ આનંદથી ફૂલીને ફાટી જતો નથી. તેમજ અનિત્ય દુઃખમાં યે પ્રેમનુ મુખ મલીન થતું નથી. નિત્ય એવા પ્રેમસ્વરૂપના અવલંબનથી પ્રેમ પણ નિત્યજ છે.

પ્રકૃત પ્રેમ અશરીરી આત્માનુંજ અવલંબન કરે છે. પ્રેમનો આશ્રય આત્મા છે. શરીર નહિ; આત્મા નિત્ય અને શાશ્વત છે; પ્રેમ પણ નિત્ય અને શાશ્વત છે. શરીરનું અવલંબન કરીને જે પ્રેમ ક્રીડા કરે છે તે પ્રેમ નથી, પણ મોહ છે. તમે સાધારણ રીતે જેને પ્રેમ કહો છો તે પ્રેમ નથી પણ મોહ છે. પ્રેમ જડમાં રહી શકતો નથી. હાડ, માંસ, રૂધિર અને ચામડીને લઇને જ્યાં વ્યાપાર થાય છે ત્યાં પ્રેમ નથીજ. મે એક બાલિકારત્ન જોયું છે. તે બાળા એકજ વ્યક્તિને પ્રેમપૂર્વક કાકા, દાદા, મા, ફોઇબા, એમ નાના પ્રકારે સંબોધતી. એક દિવસ તેને કોઇએ પૂછ્યું, "શું તને સ્ત્રીપુરૂષના ભેદનુંયે ભાન નથી?" બાલિકાએ ઉત્તર આપ્યો, "શા માટે હોય? હું જેને ચાહું છું તે કંઇ પુરૂષ અથવા સ્ત્રી છે શું? કહો જોઇએ, મારા પ્રેમનો જે પદાર્થ તે સ્ત્રી છે કે પુરૂષ? શું તે આ બાહ્ય શરીરનો કંઇપિણ્ અંશ છે ખરો!" ઉત્તર સાંભળીને હું અવાક્ થઈ ગયો, મને લાગે છે કે તે બાલા શુદ્ધ પ્રેમનું રહસ્ય સમજતી હતી; અને તેથીજ અતિ નાની વયમાં

પરમાત્માએ તેને પોતાની ગોદમાં ઉપાડી લીધી ! તેના સસ્મરણમાંયે દિવ્ય આનંદ અનુભવું છું.

તમે જેને પ્રેમ કહો છો તે શુદ્ધ પ્રેમ છે કે નહિ તેની પરીક્ષા કરવી હોય તો વિચારી જુઓ કે તમારો પ્રેમ કોઈ શરીર સાથે બંધાયેલો છે કે કેમ ? મૃત્યુ પછી પણ તમે તમારા પ્રેમપાત્રને બરાબર એજ પ્રમાણે ચાહશો કે કેમ ? તેના વિષે વિચાર કરતાં તમને તેનાં નાક, મોં, આંખ ઇત્યાદિનો ખ્યાલ આવે છે કે તેના આધ્યાત્મિક સૌંદર્ય અને નૈતિક શકિત તથા સામર્થ્યનો ? ખ્યાલ કરો કે આજે તે જગતના કલ્યાણને અર્થે ચિરકાલને માટે તમારી વિદાય લે છે, તે તમને સારૂં લાગે કે જગતના કલ્યાણ પ્રતિ ધ્યાન નહિ દેતાં તમારી છાતીએ માથુ મૂકીને તમારી સાથે સદૈવ પ્રેમગોષ્ટિ કરતો રહે એ સારૂં લાગે ? જો તેના શરીરને છાતી સરસું રાખવાનુ આકર્ષણ વિશેષ થાય તો નક્કી સમજજો કે પ્રેમને નામે તમે મોહને આહ્વાન દીધું છે; અમૃત સમજીને વિષ લીધું છે.

મહાભારતમાં વિદુલાના ઉપાખ્યાનમાં પ્રકૃત પ્રેમનું સુંદર દૃષ્ટાન્ત જોવામાં આવે છે. વિદુલા રાજમાતા હતી; તેને સંજય નામનો એક પુત્ર હતો. સિન્ધુરાજે તેનું રાજ્ય છીનવી લેવાથી તે યુદ્ધ છોડીને હતોત્સાહ થઇને પડયો હતો. તે વખતે વિદુલા તેનો ધિક્કાર કરતી કહે છે—તું વજ્રથી હણાયો હોય તેમ મુડદાંની પેઠે

જડ બનીને શું પડ્યો છે ? મરદની પેઠે ઉઠ, કાયરની જેમ પડી ન રહે. એકવાર અગ્નિની પેઠે શત્રુના મસ્તક ઉપર ભભૂકી ઉઠ. આવુ જીવન ધારણ કરવા કરતાં તો મૃત્યુ શ્રેયસ્કર છે. કયાં તો તારૂ પાણી બતાવ કે કયાં તો મૃત્યુને પસંદ કર. એકવાર તારા કુલગૌરવનુ સ્મરણ કરીને ગુમાવેલા રાજ્યનો પુનરુદ્ધાર કરવા યત્નશીલ થા. પારકાનુ મોં તાકનાર અને પરાવલબી માણસનુ અનુકરણ કદી પણ કરીશ નહિ. તારે આધારે હજારો વ્યક્તિ જીવન ધારણ કરો. જેના સત્કાર્યની કીર્તિ ચારે દિશામાં ગાજી ઉઠતી નથી તે વ્યક્તિ કેવળ લોકસંખ્યામાં વૃદ્ધિ કરવા પુરતીજ જીવે છે. તે સ્ત્રી કે પુરૂષના નામને યોગ્ય નથી. દાન, તપસ્યા, સત્ય, વિદ્યા અથવા દ્રવ્યલાભ સબધમાં જેનાં યશોગાન ગવાતાં નથી તે પોતાની માતાનો પુત્ર કહેવડાવવાને અધિકારી નથી. જે માણસ શાસ્ત્રજ્ઞાન, તપસ્યા, લક્ષ્મી અથવા પરાક્રમમાં બીજાઓને આંટી શકે છે તેજ માણસ પુરૂષ નામને યોગ્ય છે. એટલા માટે હે સંજય, તારે તારૂ પરાક્રમ બતાવી આપવાને માટે યત્નશીલ થવું ઘટે છે. એકવાર પ્રજવલિત અગ્નિ દંડની પેઠે શત્રુદળ ઉપર તૂટી પડ." પુત્રે કહ્યુ–" હું કદાચ યુદ્ધમાં માર્યો જાઉં તો પછી તારૂં સુખ કયાં રહેશે ? આશ જેવા પ્રિય પુત્રને ગુમાવીને કદાચ આખી પૃથ્વીનું રાજ્ય મળે તોપણ તેથી તને શો લાભ ? " માતાએ ઉત્તર આપ્યો:–" હું તારા જીવનમરણની જરાએ ચિંતા કરતી

નથી. આ પૃથ્વી ઉપર જીવન ધારણ કરવું કેવળ ધર્મ અને અર્થને માટેજ છે અને જો એ ધર્મઅર્થનો નાશ થતો હોય તો પછી જીવતરનું કામ શું? તારી આવી દશા દેખવા છતાં જો હું સ્નેહપૂર્વક તેને દૂર કરવાનો પ્રયત્ન ન કરૂં તો મારો સ્નેહ સ્નેહ નથી. એવા સ્નેહને પંડિતો સામર્થ્યશૂન્ય ગર્દભી વાત્સલ્ય કહે છે. માનવ વાત્સલ્ય આવું મોહપૂર્ણ નથી હોઇ શકતું.' સંજય માતાના આવાં વચન સાંભળીને તેની આજ્ઞાનું પાલન કરવાને કમર કસી અને સ્વરાજ્ય સર કર્યું.

એનુંજ નામ સાચો પ્રેમ. વિદુલાનો પ્રેમ નિત્ય પ્રેમ હતો. તેણે પુત્રના શરીરને ઓળંગીને આત્માનું અવલંબન કર્યું હતું. એટલે તેને પુત્રના મૃત્યુથી દુઃખી થવાનું કારણ ન હતું. ધર્મનું અવલંબન કરતાં પુત્ર મૃત્યુવશ થાય એ પણ તેને મન તો આનંદનુંજ કારણ! પ્રેમ આજ પ્રકારનો હોવો જોઇએ. આવો પ્રેમ આલોક અને પરલોક ઉભયમાં વ્યાપી રહે છે. પછી પ્રેમપાત્ર જાયજ ક્યાં? તમારા શરીરે આલોકનો ત્યાગ કર્યો તેથી શું થયું? જે નિત્ય શાશ્વત આત્મા ઉપર મારો અધિકાર છે તે તો મારોજ રહ્યો છે. તેને ચુંબન અને આલિંગન કરવાના સામર્થ્યને મારી પાસેથી કોણ લઇ શકે એમ છે? આવી ભાવનાથી પોતાના હૃદયને ભરીને પ્રેમી આનંદથી નાચી ઉઠે છે. જેણે અવિનાશી શૃંગ ઉપર પોતાનું ઘર બાંધ્યું છે તે નીચેના એકાદ બે ચંચળ કાળાં વાદળાંને આવી

ચઢતાં કે અંતર્ધાન થતાં જોઇને શા માટે દિલગીર થાય? તે તો ત્યાંના નિત્ય પદાર્થના સંગમાં નૃત્ય કરતો રહેશે.

વળી પ્રેમમાં નવીનતા પણ કેટલી! પ્રેમપાત્ર તો નવીન, નવીન, નિત્ય નવીન! તેમાં ક્ષણે ક્ષણે નવું સૌંદર્ય પ્રકટી ઉઠે છે. ચન્દ્રને પ્રેમની દૃષ્ટિએ જુઓ છો તેથીજ ચન્દ્ર કદી પણ પુરાણો થતો નથી. શું ચંદ્રને જોઇને કદીપણ કોઇને એમ કહેતાં સાંભળ્યો છે કે આ જુનુંપુરાણું ભૂત ફરી કોઈ દિવસ નજરે ના ચઢજો? ગુલાબ કદી પણ પુરાણું થાય? પ્રતિદિન ગુલાબને જોતાં છતાં કદી પણ મનમાં એમ થાય છે ખરૂં કે હવે તે સારૂં નથી લાગતુ? જે મધુર છે તે નિત્યનવીન છે. માની પાસે બાળકનુ મુખ કદી પણ પુરાણું થયું છે? થઇ શકે નહિ— થવાનું સ્થાનજ નથી. જેના ઉપર પ્રેમ રાખું છું તે નિત્ય-નૂતન છે. અને પ્રેમ પણ નિત્યનૂતન છે. પ્રેમપાત્રનુ મુખ જોતાં પ્રતિદિન હૃદયમાં કેવા કેવા નવીન ભાવોની લહરી ઉઠે છે! મારૂં પ્રેમપાત્ર એકાંતમાં બેસીને હૃદય રેડીને પોતાનુ કામ કર્યે જાય છે. હુ છુપાઇને જોઉ છું, તો તેના મુખ ઉપર અવનવા સૌંદર્યના કેટકેટલા તરંગો ઉડી રહ્યા છે! પચાસ વર્ષની મિત્રતા કદી પણ જુની પુરાણી થાય ખરી? અને જો થાય તો તે મિત્રતા નથી, મોહની શૃંખલા છે, જ્યાં સુધી મોહનો ચળકાટ હતો ત્યાં સુધી તે નવી લાગી, ચળકાટ ઉડી જતાં જુની પુરાણી થઈ પડી. સાચી સતી

જીવનમાં કે મૃત્યુમાં, આલોકમાં કે પરલોકમાં પોતાના પતિમાંજ નવા નવા માધુર્યના રંગ જુએ છે. પિતા અને પુત્ર તથા ગુરૂ અને શિષ્યનો પણ એવીજ વાત છે.

પ્રેમ જે પ્રમાણે નિત્ય છે, નવીન છે તેજ પ્રમાણે તે ઉચ્ચ પણ છે. એમાં સ્વર્ગની શ્રેષ્ટતા ઝળકે છે. પ્રેમમાં ક્ષુદ્રતા અને પારકાપણાને માટે સ્થાન નથી. નીચેથી, નરકમાંથી કષ્ટ આવી ચઢે તો પ્રેમ તરતજ તેને દૂર કરે છે. પ્રેમપાત્રનાં કપડાં સુદ્ધાં હીન વિચારોને દૂર કરી દે છે. પ્રેમ ઉચ્ચતામાંથી અધિક ઉચ્ચતા પ્રતિ ધપતો રહે છે અને છેવટે સર્વોચ્ચ સ્થાન પર પહોંચીને પોતાની ઇચ્છા પૂર્ણ કરે છે. જે પ્રેમથી મનુષ્ય ઉન્નત થતો નથી તે પ્રેમ, પ્રેમ નથી.

બે મિત્રો વચ્ચેનો પ્રેમ શુદ્ધ છે કે નહિ તેની પરીક્ષા કરવી હોય તો તપાસી જુઓ કે પરસ્પરના મિલનથી તેમનો આત્મા દિન પ્રતિદિન ઉન્નત થાય છે કે નહિ, તેમનાં ચરિત્ર નિર્મળ બને છે કે નહિ, કર્તવ્યજ્ઞાન અધિક વિકાસ પામે છે કે નહિ, અને આધ્યાત્મિક વિચારો વિશેષ મધુર બને છે કે નહિ, એનો જવાબ જો નકારમાં હોય તો બન્ને વચ્ચે જે મિત્રતા દેખાય છે તે મિત્રતા નથી પણ અવનતિની સીડી છે. એ બન્નેને અળગા કરી દો. પ્રેમ સ્વર્ગ પ્રતિ પ્રયાણ કરનારો છે, એટલા માટે જે પ્રેમ સ્વર્ગપ્રતિ ન ધપાવે તેને ઘરથી પાંસ કોશની આસપાસ પણ ફરકવા ન દો. જો તમારા જોવામાં આવે કે બે મિત્રો ગળે હાથ

નાખીને નદી તીરે ફરે છે, સ્વર્ગીય વાતોને સ્થાને ધૂળ પત્થરનો લવારો કરે છે, સુખોપભોગની વાતમાં ખૂબ રસ લે છે પરંતુ કોઇ ગંભીર વિષયની વાત આવતાંજ ફફડી ઉઠે છે, તો સમજવું કે એમનો સર્વનાશ થવા બેઠો છે, અને તેઓ મૃત્યુને પાસે બોલાવી રહ્યાં છે. જ્યાં કેવળ વનભોજન (Picnic)નીજ વ્યવસ્થા છે ત્યાં પ્રેમ નથી. પ્રેમમાંથી ઉજાણીનો આનંદ બાદ કરવાની જરૂર નથી. પરંતુ તેમાંથી એવો પદાર્થ મળવો જોઇએ કે જેથી સ્વર્ગની છબી મનમાં ખડી થાય. સ્વર્ગમાં ક્ષણિકતા નથી. પ્રેમી અને પ્રેમપાત્ર હૃદયના અતિ ઉંડાણના પ્રદેશની પવિત્ર અને અત્યંત ગૂઢ આકાંક્ષાઓ એક બીજા આગળ પ્રકટ કરતાં કરતાં ગળે હાથ નાખીને સ્વર્ગરાજ્યમાં પ્રવેશ કરે છે. જ્યાં આ ભાવના નથી ત્યાં પ્રેમ નથી.

પ્રેમની વ્યાપકતાનો વિચાર મનમાં લાવતાં ઘણોજ આનંદ થાય છે. વિશ્વવ્યાપીના ખાસ ખજાનાનો માલ હોવાથી પ્રેમ સારા વિશ્વનો ગ્રાસ કરવાને દોડે છે. પ્રેમ ઉત્તરોત્તર વિસ્તૃત થતો જાય છે. આજે એક જણ સાથે પ્રેમ બાંધ્યો તે લઇ આવ્યો બીજા એકને, બે જણ થયા; પ્રેમનો મંડપ ડો બંધાવા માંડયો; ધીમે ધીમે એકાદ બે ઉમેરાતા ગયા અને છેવટે કેવી મંડળી જામી! એક, બે, ત્રણ, પછી દશ, વીશ, પચાશ, સો એમ પ્રેમીઓની સંખ્યા વધતી ચાલી. પ્રેમનો વિસ્તાર જેટલો વધારે તેટલુંજ જગત અધિક સુંદર જણાય;

અને તેટલા વધારે જીવોમાં પ્રેમનો પ્રવેશ થાય. ક્રમશઃ સમસ્ત મનુષ્ય મંડળમાં પ્રેમ વ્યાપી રહે અને છેલ્લે માનવ રાજ્યને ઓળંગીને સજીવ નિર્જીવ સર્વને વશીભૂત કરે ત્યારે આખા વિશ્વમાં કેવળ અમૃત વરસી રહે. શાક્યસિંહનો પ્રેમ જુઓ—વિશ્વવ્યાપી; ચૈતન્યનો પ્રેમ જુઓ—વિશ્વવ્યાપી. પ્રકૃત-પ્રેમી સાચેજ જોશે કે.—

"સુધા સુરજ વરસેરે, કે ચંદ્ર સુધા વરસે;
સુધા અણુઅણુ ધરીનેરે, કે વાયુ સદા સ્પરશે.
સુધા વહે છે નદીમાંરે. સુધા મેઘમાંથી ઝરે;
સુધા વ્યાપી ચરાચરે, સુધામય વિશ્વ ખરે."

જ્યારે એ અવસ્થાએ પહોંચશો ત્યારે આનંદની સીમા નહિ, જેની સામે જોશો તેને આંતરીને પકડવા દોડી જશો, વૃક્ષનાં પાંદડે પાંદડે ચુંબન કરવાની ઇચ્છા થશે, તળાવના પ્રત્યેક જળ-બિંદુને, ચંદ્રના પ્રત્યેક કિરણકણુને તમારા હૃદયમાં સંતાડી રાખ-વાનો પ્રયત્ન કરશો, રસ્તાની ધુળને હાથમાં લઇને વિહ્વળ બની જશો, પત્થરની અંદર પણ અમૃતધારા વહેવડાવશો. જેનુ પરિણામ આવું ન આવે તે પ્રેમ ન હોય, ખોબા જેટલી જગ્યામાં ઉંચો નીચો થયા કરે તે પ્રેમ ન હોય. પ્રેમ કંઇ કુવા જેવો નથી;એ તો મહાન મહાસાગર છે. આખા વિશ્વનો ગ્રાસ કરવા છતાં "ઓર લાઓ, ઓર લાઓ" આલાપતો તરંગો ઉછાળે છે.

વિશ્વ તો સીમાવાન છે. પરંતુ પ્રેમ અસીમ છે, તેના

" ઔર લાઓ" નો અંત અનંતકાળે પણ આવતો નથી. યુવકો, એ પ્રેમના ભિખારી બનો. તમારા પ્રેમનો ઉત્તરોત્તર વિસ્તાર થાય છે ખરો ? તમે મગનને જે પ્રમાણે ચાહો છો તેજ પ્રમાણે આજે છગનને પણ ચાહો છો ખરા ? મનુષ્ય માત્રને હૃદયમાં પૂરી રાખું એવી ઇચ્છા મનમાં નિરંતર રહે છે ખરી ? બીજા કોઇના પ્રેમની વૃદ્ધિ થતી જોઇને તમને સુખ થાય છે ખરૂં ? જો તમારો પ્રેમ આવી સ્થિતિ લાવી શક્તો હોય તો તેનું યત્નપૂર્વક રક્ષણ કરો. અને જો એવું જોવામાં આવે કે તમારા પ્રેમમાં હિંસા પ્રવેશે છે, છગન તમને જે પ્રમાણે ચાહે તેજ પ્રમાણે જગનને પણ ચાહે તેથી તમારા હૃદયમાં ઈર્ષ્યા આવતી હોય, તમે એકલાજ તેના હૃદય-મણિ થઈ રહો અને બીજું કોઈ તેના હૃદયમાં સ્થાન પામે નહિ—એવી ઇચ્છા જો બળવાન થતી હોય તો તમારા પ્રેમને એજ ક્ષણે પગ તળે કચરીને મારી નાખો; નહિ તો એજ પ્રેમમાંથી અમૃતને સ્થાને તમારા વિનાશને માટે વિષ ઉત્પન્ન થશે.

"Love one, love no more"—એકને ચાહો, અધિકને નહિ—એ શયતાનનું કથન છે. " Love all things both great and small"—નાના અને મોટા સર્વ ઉપર પ્રેમ રાખો. એજ ભગવાનનો આદેશ છે, તેટલા માટે Love all things (સર્વ ઉપર પ્રેમ રાખો) જે જેટલા પ્રમા-ણમાં આ પ્રમાણે પ્રેમ રાખી શકે તે તેટલાજ પ્રમાણમાં સાધુ. ઈસુ, બુદ્ધ, ગૌરાંગ, જોન, પોલ આદિ સર્વ દેશોના સાધુઓની

એજ જપમાળા છે. શત્રુ ઉપર સુદ્ધાં પ્રેમ રાખો. શત્રુ શું તમારા જગતની બહાર છે? શત્રુ શું એ પ્રેમ રાજ્યનો વસનાર નથી? તો પછી શત્રુ શત્રુ રહ્યો ક્યાં? શત્રુતાની ભીતર તો પ્રેમની લીલા દેખાઇ રહી છે. આ જુઓ, એના ખડ્ગમાંથી બુંદ બુંદ અમૃત ઝરી રહ્યું છે. એ શું નથી જોઇ શકતા? શત્રુ તો સાચેજ મિત્ર છે. આપણને માલમ નથી કે તે કેટલા પ્રકારે કેટલાયે ઉપકાર કરી રહ્યો છે.

આ પ્રેમના રાજ્યમાં તમારી ઇચ્છા હોય કે ન હોય, તેનું ભલું નહિ કરો. પ્રેમની સહાયતા નહિ કરો તો તમે જવાના ક્યાં? ખબર છે કે કોના રાજ્યમાં વસો છો? તમે તો સમજો છો કે પ્રેમના મૂળમાં હું કુઠારાઘાત કરી રહ્યો છું પરંતુ આ જુઓ, ફળ એથી ઉલટુંજ આવ્યું. તમે લાવવા ઇચ્છો છો વિષ પણ આવે છે અમૃત. તમે એને શું કરશો? એ અમૃતરાજ્યમાં એવાજ પ્રકારો બને છે. યાહુદીઓએ ધાર્યું હતું કે ઇસુ ખ્રિસ્ત સાથે એવી શત્રુતા બંધાઇ છે કે તેણે રોપેલુ વૃક્ષ કોઇ પણ પ્રકારે ફૂલશે ફળશે નહિ. અહા! શું થયું? એમની શત્રુતાએજ મિત્રનું કામ કર્યું. તેમના દબાવી દેવાથીજ આજે ક્રાઇસ્ટનું પ્રેમવૃક્ષ સારી આલમ ઉપર ફેલાઇ ગયું. હિરણ્યકશિપુ ધારતો હતો, ખૂબ વેર બાંધ્યું. પ્રહ્લાદ હવે પ્રેમપાગલ રહી શકશે નહિ, થયું શું? શુ કરવા ગયા અને થઇ ગયું શું? બિચારો હિરણ્યકશિપુ અવાક્ થઈ ગયો! એ પાગલપણું એક એક કરતાં સારા દેશમાં છવાઈ ગયું.

એટલા માટે સત્પુરૂષોના શત્રુ હોવાની તાકાત કોઇનામાં પણ નથી. તમારા ઘરમાં, મારા ઘરમાં, ગામોના પક્ષોમાં, શત્રુતા દેખાય છે; પણ જેમને આંખો છે તે જોઈ શકે છે કે મનુષ્ય ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ ભગવાન્ એ શત્રુતામાંથીજ પ્રેમ પ્રકટાવે છે. આ જીવનમાં એવા અનેક પ્રસંગો જોયા છે. માણસે વેરનાં ઘનઘોર વાદળ ચઢાવેલાં, ગાજવીજ થવા લાગેલી, ભયથી પ્રાણ સ્તબ્ધ થયેલા, પરતુ વિધાતાની શી લીલા ? તેમની અંદર પ્રેમસૌદામિની ચમકવા લાગી ! જ્યારે મુશળધાર વરસાદ પડવા માંડયો ત્યારે શત્રુએ ધાર્યું કે ઠીક સપાટો લગાવ્યો. પણ સપાટો એવો લાગ્યો કે હૃદયના સંતાપ, અહંકાર, અભિમાન. સ્વાર્થપરાયણતા, કુતર્કતા, અનેક પ્રકારની ત્રુટીઓ દૂર થઈ ગયાં. હૃદય શીતળ થયું. સદ્વૃત્તિઓનો ફાલ વેગથી વધવા લાગ્યો. જીવતા રહો મારા એવા શત્રુઓ.

જ્યારે, સર્વદા શત્રુને મિત્ર માનીને હૃદય સરસા ચાંપવાની ઇચ્છા થાય, તેને આલિંગન કરવાને મન વ્યગ્ર બને —અવશ્ય તેના અન્યાયી વ્યવહારનો વિરોધ કરવાની ના નથી પાડતો, તે તો અવશ્ય કરવોજ જોઇએ; પુત્રના દુર્વ્યવહારનું પણ શાસન કરવુંજ પડે છે ને ? પરંતુ જેવું શાસન તેવુજ ચુંબન—એટલે જ્યારે શત્રુને ચુંબન કરવાને હૃદય સર્વદા વ્યાકૂળ રહે ત્યારે જાણવું કે પ્રેમ પકવ થયો છે.

પ્રેમનો સર્વપ્રધાન ધર્મ નિઃસ્વાર્થતા છે. પ્રેમ પોતાનો વિચાર કરવા બેસતો નથી. બીજાને માટે સદૈવ મસ્ત રહે છે.

તે પોતાના ઘરમાં બેસી રહેતો નથી, પારકાની સેવા એજ એના જીવનનું મહાવ્રત છે. પારકાં વળી કોણ? તેને મન તો સઘળાંજ પોતિકાં છે. સ્વાર્થપરાયણતા અને પ્રેમ વિરુદ્ધ-ધર્મી છે. જયાં સ્વાર્થપરાયણતા છે ત્યાં પ્રેમ નથી; જયાં પ્રેમ છે ત્યાં સ્વાર્થપરાયણતા નથી. પ્રેમની જેટલી વૃદ્ધિ તેટલોજ સ્વાર્થપરાયણતાનો ક્ષય Love varies inversely as selfishness(પ્રેમ અને સ્વાર્થનો સંબંધ વ્યસ્ત પ્રમાણમાં હોય છે.) પ્રેમી પ્રેમપાત્રના સુખને માટે પોતાના સુખનો ત્યાગ કરે છે, ક્ષુદ્ર બાબતથી માંડીને મોટામાં મોટા વિષયમાં પણ પ્રેમનું એજ લક્ષણ જોવામાં આવશે. કોઈ સાધારણ સુખસગવડની મામૂલી ચીજનો ઉપભોગ કરવાનો હોય ત્યારે પણ પ્રથમ પ્રેમપાત્ર તેનો ઉપભોગ કરે એવું પ્રેમી ઇચ્છશે; નહિ તો પોતે પણ તેનો ઉપભોગ કરશે નહિ. અને વિષમ સંકટને સમયે જ્યારે મરુભૂમિમાં તરસે પ્રાણ જાઉં જાઉં કરી રહ્યા હોય અને બે નહિ પણ એક જણ પી શકે એટલું પાણી હોય તેવે સ્થળે પણ પ્રેમપાત્રના જીવનની રક્ષા પહેલી અને પ્રેમીની પછી. પેલી પ્રાચીન આખ્યાયિકામાં વાંચ્યું છે, "ડીમન! તું જીવ, હું મરીશ. ડીમન કહે છે, ના, એ નહિ બને. હુંજ મરવાનો." કોઈપણ રીતે ડીમન પિથીઆસને મરવા દેતો નથી. અને પિથીઆસ ડીમનને મરવા દેતો નથી; બન્ને જણ પોતાનો પ્રાણ આપીને બંધુનો પ્રાણ બચાવવા માટે ગાંડાતૂર છે. ખરે, પ્રેમીનું આજ યથાર્થ ચિત્ર છે.

પ્રેમી ઇચ્છે છે કે પ્રેમપાત્ર છાતી ઉપર રહે, એટલે પોતે ક્યાં રહ્યો ? નીચે, પોતે નીચે. "હું" રહ્યો નીચે; અને પ્રિયજન રહ્યો ઉપર. યાદ રાખજો કે પ્રેમીનો "હું" નીચે રહે છે. જ્યારે પ્રેમ બ્રહ્માંડભરમાં વ્યાપી રહે ત્યારે આખું બ્રહ્માંડ છાતી ઉપર અને "હું" એકદમ નીચે. એટલે જેમ જેમ પ્રેમપાત્રની સંખ્યા વધતી જાય તેમ તેમ "હું" નીચે પડતો જાય. પોતાનો સુખવૈભવ, પ્રાણ બચાવવાની ઇચ્છા. એમાંનું કશું પ્રેમપાત્રના સુખવૈભવ અને પ્રાણ-બચાવવાની ઇચ્છાની ઉપર રહી શકતું નથી. બાકરગંજના એક સ્થળે પ્રેમનુ એક ચિત્ર મારા જોવામાં આવ્યું હતું તે તમારી આગળ રજુ કરું છું. એક ૧૨–૧૩ વર્ષના બાળક એક ૨૩–૨૪ વર્ષના યુવકને બહુ ચહાતો હતો. યુવક બાળકને ત્યાં આવ્યો છે, અને કેટલાક દિવસથી તાવથી ખૂબ પીડાય છે. એક દિવસ તે ઘરના ઓટલા ઉપર તકીઓ અઢેલીને બેભાન જેવો પડ્યો છે. એટલામાં એક કાળા નાગ અને બિલાડી વચ્ચે ઘરના આંગણામાં ભયંકર લડાઈ જામી. લડતાં લડતાં સાપે ઓટલા તરફ ચોટ લગાવી; પેલા યુવકની ગરદન તળે ભરાયો અને ફેણ માંડી. યુવકનું જીવન ઘોર સંકટમાં આવી પડયું. તે તો મુડદાંની પેઠે પડયો છે; કોણ એને બચાવે ? જેઓ પાસે હતા તેઓ ભયના માર્યા આગળ જઇ શકતા નથી. સહુનાં હૃદય કંપી ઉઠયાં, મોં સુકાવા લાગ્યાં. શું કરવું તેની કોઇને સૂઝ પડી નહિ. કોઇનામાં કંઇપણ

કરવાની હિમ્મત ન હતી. પેલો બાળક સ્નાન કરવા ગયો હતો. નાહીને આવીને જુએ છે તો આ મામલો ! જોતાંની સાથેજ જીવવાની આશા છોડીને એકે ટેકડે સાપ પાસે પહોંચ્યો અને તેના ઉપર રુવાલ ઝાપટીને બન્ને હાથે તેની ફેણ રુવાલમાં જોરથી દબાવી લીધી. બધા સ્તબ્ધ બની ગયા. સ્વર્ગમાં પ્રેમનાં દુદુભી ગગડી ઉઠયાં, ભગવાને બાળકના શિર ઉપર પ્રેમની વૃષ્ટિ કરવા માંડી. અહા ! કેવું સુંદર ચિત્ર ! એનુજ નામ પ્રેમ ! યુવક શુદ્ધિમાં આવ્યો અને તેના બાલમિત્રની દશા જોઇને કંપી ઉઠયો ! એ દરમિયાન સાપ બાળકના હાથને ચૂડ ભરાવવા લાગ્યો. બાળકે દાતરડુ માગ્યુ. તેનો મોટો ભાઇ પણ પાસે આવ્યો નહિ; દૂરથી દાતરડું ફેંક્યુ. પેલા માંદા યુવકે એ દાતરડાથી સાપના ટુકડે ટુકડા કરી નાખ્યા અને છેવટે બાળકે સાપનું મોં દૂર ફેંકી દીધું. એ બાળક પ્રેમ એટલે શું તે સમજતો હતો, તેથીજ મિત્રને માટે પ્રાણ આપવા તત્પર થયો; મિત્રને વિપદમાં જોઇને પોતાના પ્રાણને તરણા સમાન લેખીને તેણે સાપનું મોં પકડવાનું સાહસ ખેડ્યું.. ધન્ય બાલક ! તે અમને પ્રેમનો મહીમા સમજાવી દીધો. મોટા ભાઇમાં પ્રેમ નહતો; દાતરડું આપવાને પણ પાસે આવી શકયો નહિ ! તેની કિંમત કોડીની ઠરી જ્યારે નાનો ભાઇ દેવ ઠર્યો. પ્રેમીના નામને તેજ યોગ્ય હતો. નિઃસ્વાર્થતાનું કેવું અનુપમ ચિત્ર ! આજે એક વખત એકાં-

તમાં બેસીને વિચાર કરો, અને ભગવાનને કહો કે જેથી તે તમારા હૃદયમાં આવો પ્રેમ ઉતારે અને તમને કૃતાર્થ કરે.

પ્રેમ બદલાની અપેક્ષા રાખતો નથી મોહ બદલો ચાહે છે. કવિએ કહ્યું છેઃ—

"નહોય પ્રેમનાં હાટ, લેવદેવ હાલે નહિ;
કરશો વાણીયાવાટ, તો મરશો તરશું પ્રેમની!"

વાસ્તવિક વિનિમભાવ પ્રેમમાં આવ્યો એ તો વણિકવૃત્તિ થઇ. સાચો પ્રેમી કદીપણ વણિક થઈ શકતો નથી. તે તો પ્રેમ કરીનેજ સુખી રહે છે. પ્રેમપાત્રનો પ્રેમ પ્રાપ્ત કરવાને માટે વ્યાકુળ રહેતો નથી. સ્વર્ગ મૃત્યુ લોકને પ્રતિદિન કેટલું આપે છે છતાં બદલામાં કશાની પણ આશા રાખે છે ખરૂં ? સૂર્ય અને ચંદ્ર પૃથ્વીને પ્રેમ-કિરણથી રંગી દે છે, છતાં કદી પણ એવું કહે છે ખરા કે પૃથ્વી, તું અમારી પાસેથી આટઆટલું પામી હવે અમને તો કંઈક આપ ? પ્રેમી પોતે પોતાના પ્રેમદાનમાં મસ્ત રહે છે; તે તો આપવામાંજ મશગુલ, લેવાનું તો જાણેજ નહિ. સામો પ્રેમ કરે એવી આશાથી પોતે પ્રેમ નહિ કરે ! એવો પ્રેમનો ધર્મ છે. ઓ નવજવાન, તમે જેને ચાહો છો તે તમને સામા ચાહે એ માટે શું તમે તલપાપડ છો ? તે જો ન ચાહે તો તમારા પ્રેમમાં ઉણપ આવે ખરી ? જો આવતી હોય તો જાણવું કે તમે જેને ચાહો છો તે ખરી

રીતે તમારા પ્રેમનું પાત્ર નથી; તે તમારા મોહનું પુતળું છે. તમે મોહકૂપના મંડુક છો, પ્રેમસાગરના મત્સ્ય નથી.

પ્રેમમાં ગાંભીર્ય છે—ભયંકરતા નથી
વિનોદ છે--તરલતા (છિછલાપણું) નથી
આવેગ છે—ઉદ્વેગ નથી
ભરતી છે—અમર્યાદા નથી
શાસન છે--દલન નથી
વિવાદ છે—વિષવાદ નથી
અભિમાન છે—અપમાન નથી.

પ્રેમ ઘણો ગંભીર છે. સાગરના જેવો અગાધ છે. અતલ-સ્પર્શ છે. મધ્યરાત્રિએ જ્યારે જગત નિઃસ્તબ્ધ હોય છે, પૃથ્વી પર કોઈ પણ પ્રાણીનો શબ્દ સંભળાતો નથી, વાયુ શાંત હોય છે, પાંદડાં હાલતાં નથી, બ્રહ્માંડભરમાં એક ગંભીર અનાહત ૐકાર ધ્વનિ ઉઠતો હોય છે, તેવે સમયે પ્રેમી પ્રેમપાત્રના ધ્યાનમાં **निवात निष्कंपमिव प्रदीपम्** મગ્ન રહે છે. ત્યારે પોતાના અને પ્રેમપાત્રના શરીરને ભૂલી જઈને પ્રેમી આત્માની મધુરતાનો ઉપભોગ કરે છે; ત્યારે બાહ્ય જગત્ ધીમે ધીમે મનપ્રદેશમાંથી સરી જાય છે. મારી પાસે આવવાનું સાહસ કરતી નથી, આકાશ, વાયુ ભયથી દૂર ખસીને ઉભાં રહે છે. પ્રેમી યોગી પ્રેમપાત્રના આત્મારૂપી અર્ણવમાં ઝંપલાવીને લુપ્ત થઈ જાય છે. ડુબકી મારીને ક્યાં ચાલ્યો જાય છે તે કોણ કહી શકે? રખેને પ્રેમીને

ખલેલ પહોંચે એ ભયથી દેવતાઓ શ્વાસરૂંધીને એ અનિર્વચનીય આત્મનિમજ્જનનુ દર્શન કરે છે. એ ગભીર મહાન વ્યાપાર જેના જીવનમાં સાધિત થાય છે તેના મુખ ઉપર જોતજોતામાં અપૂર્વ ગાંભીર્યનું તેજ ઝળકી ઉઠશે. પ્રેમી ગભીર હોય છે. પરન્તુ તે ગાંભીર્યમાં ભયકરતા નથી. તે પ્રસન્નગાંભીર્ય છે. તેને જોતાં ભય ઉત્પન્ન થતો નથી, હૃદય કંપતુ નથી. તેમાં રૂદ્રતા નથી. પ્રશાંત મહાસાગરને જોવાથી જે ભાવો હૃદયમાં ઉઠે છે તેજ ભાવ પ્રેમીના મુખ-દર્શનથી હૃદયમાં ઉઠે છે. પ્રેમીને જોતાં એક પ્રકારની ગંભીરતા અનુભવાય છે પરન્તુ તેને મનની બધી વાત ખોલીને કહેતાં ભય લાગતો નથી. પ્રેમી અને પ્રેમપાત્ર નિર્જનમાં-અતિ નિર્જનમાં જીવનની ગૂઢમાંગૂઢ વાતો ગભીર ભાવે એકબીજા પાસે પ્રગટ કરતાં કરતાં પ્રેમનુ જે ઉગમ સ્થાન છે તેની પાસેથી વર અને અભયની ભિક્ષા માગે છે. જેની પાસે તમારા અતરના-ગભીરમાં ગભીર ભેદ પ્રગટ કરતાં ભય લાગે તે કદી પણ તમને ચાહતો નથી. ગભીરમાં ગભીર વિષયજ પ્રેમનો મુખ્ય ખોરાક છે.

પ્રેમ ગંભીર છે ખરો પણ તે ઘણો વિનોદી છે. સાગર ઘણો ગંભીર છે પરંતુ તેની છાતી ઉપર કેવી સુંદર નાની નાની લહરીઓ ખેલે છે. ભગવાન ઘણો વિનોદી છે નહિ તો આટઆટલાં ફૂલ ફૂટે ? સંધ્યા સમયે આકાશમાં આટઆટલા રંગો પૂરાય ? આવો મધુર દક્ષિણ વાયુ વહે ? પ્રેમમાં, તેથીજ હાસ્ય છે,

હર્ષ છે, મઝાક છે પરન્તુ તરલતા–છિછલ્લાપણુ નથી. ફુલ જોયું છે? બહાર પાંખડીઓ લળી લળીને કેવી હસી રહી છે? પરંતુ અંતરસ્થાનમાં એક કાળો ડાગ દેખાય છે. તેજ પ્રમાણે પ્રેમીની બહારથી વિનોદલીલા ચાલે છે પરંતુ તે વિનોદની કેંદ્રભૂમિ ગાંભીર્ય છે. પ્રેમનો આમોદ તરણાંનો કલ્લો નથી, રૂ નથી કે ઉડી જાય. તેને ગાંભીર્યનો ભાર હંમેશાં લાગેલો હોય છે. વિનોદ છાછરો નથી, તેના તળીઆમાં ગંભીરતા છે. એ ગંભીરતા ઉપર જે ધ્યાન આપશે તે સમજશે: સમજાવવું સહેલું નથી. સાધુઓ ઘણા વિનોદી હોય છે, અને વિનોદમાં ને વિનોદમાંજ તેઓ વખતો વખત કેટલાંયે ગંભીર તત્ત્વો રજુ કરે છે. રામકૃષ્ણ પરમહંસની સાથે જેમને વાતચીત કરવાનો સુઅવસર મળ્યો છે તેઓ એ વાતની યથાર્થતા સહજમાં સમજી શકશે. દેવઘરના રાજનારાયણ બાબુને જેમણે જોયા એટલે પ્રેમની સાથે વિનોદનુ કેવું મિશ્રણ હોય, છે તે સમજી શકાશે.

એક બીજી વાત હું કહી ગયો છું: પ્રેમમાં આવેગ છે, ઉદ્વેગ નથી. એમાં શાંત વ્યાકુળતા પાર વિનાની છે પરંતુ તરફડાટ નથી. હૃદય ચીરીને તેના ઉંડા–અતિ ઉંડા ઉંડાણમાં આત્માના અસ્થિનાયે ઉંડાણમાં પ્રેમપાત્રને પૂરી રાખવાની આકાંક્ષા થાય છે. તેની સાથે તન્મય થવાને માટે સતત પ્રયત્ન થતા રહે છે. પ્રેમને જેમ જેમ મળતુ જાય છે તેમ તેમ તેમ તે વધારે માગતો જાય છે. ‘ઔર લાઓ’ ‘ઔર લાઓ’ ની ભિક્ષા ચાલુજ રહે છે. જે પ્રેમરાજ્યનો અધીશ્વર

છે તે પ્રેમીને માગે તેટલું આપે છે. હીરા, મણિ, માણેક; એક માણેક બરાબર સાત રાજાનું ધન! એવાં કેટલાં માણેક માગો છો? જેટલાં માગશો તેટલાં અનંત ભંડારમાંથી મળશે. તે તો આપ્યોજ જાય છે. આપવાનું પરિણામ શું આવશે? 'ઔર લાઓ.' પ્રેમમાં આમ વ્યાકુલતાની પરાકાષ્ટા છે, પરન્તુ એનો અર્થ ઉદ્વેગ નથી; જેનાથી પાગલપણું આવે, જેનાથી સ્થિરતા નષ્ટ થાય તે વ્યાકુળતા પ્રેમમાં નથી. પ્રેમ વિરહને સારી પેઠે સહી શકે છે. સતિ પતિને માટે વ્યાકુળ થાય છે; પરન્તુ એનો અર્થ શું એ છે કે પતિ પાસે ન હોય ત્યારે તે અસ્થિર બને? આત્મા તો સદા તેની મુઠીમાંજ છે તો પછી તે ઉદ્વિગ્ન થાય શા માટે?

મિત્ર પાંચ વાગ્યે આવવાની વાત છે તે ન આવ્યો. આવા પ્રસંગમાં જે પ્રેમને લીધે માણસને બીજું કશુંજ ગમે નહિ, મોટાં કામ કરવાનું દુઃખકર થઈ પડે છે તે પ્રેમ, પ્રેમ નથી, તે મોહ છે. તપાસી જુઓ, તમારો પ્રેમ આવો તો નથી? તમારૂં પ્રેમપાત્ર તમને ઉદ્વિગ્ન તો નથી કરતું? તમારો પાઠ મોઢે કરવામાં અડચણ તો નથી આપતું? તપાસી જુઓ, પાઠ શીખવાને સમયે તેની છબી તમારા મનમાં ખડી થઈને તમારા કામમાં સહાય આપે છે કે વિઘ્ન પહોંચાડે છે? જો વિઘ્ન પહોંચતું હોય તો સાવધાન! મણિની આશા કરીને સાપને મા પકડો.

પ્રેમ.

પ્રેમમાં ભરતી છે, અમર્યાદા નથી. ચંદ્રને જોઇને સાગર આનંદથી ઉછળે પરંતુ કદી પણ તે કિનારો ઓળંગે છે ખરો? પ્રેમપાત્રને જોઇને હૃદય આનંદથી ફૂલી તો અવશ્ય ઉઠે, પરતુ તેથી કર્તવ્યમર્યાદાનું ઉલ્લંઘન નહિ કરે. શાળામાં આવવાના સમયે બહુ દિવસ પછી પ્રેમપાત્ર સ્મિત વદને સામે આવીને ઉભું, તેને જોતાંજ હૃદય આનંદથી મસ્ત થઇ ઉઠશે, હૃદયમાં પ્રેમ ઉછળવા લાગશે. એમ થાય એ ઇચ્છવા યોગ્યજ છે પરતુ આથી શાળામાં જવામાં હરકત નહિ પહોંચે. જો શાળામાં જવાનું મન ન થાય તો તે ઠીક નથી. ઉલટું તેની મૂર્તિને હૃદયમાં રાખીને તેના આગમનની આનંદ-સૌરભથી હૃદયને ભરી દઈને બમણા ઉત્સાહથી કર્તવ્યસિદ્ધિ માટે જવુ જોઇએ. પ્રેમ કર્તવ્યજ્ઞાનને જાગ્રત કરે છે, તીક્ષ્ણ બનાવે છે. પ્રેમમાં ઉચ્છૃંખલતા નથી. પ્રકૃતિ પ્રેમમયી છે; પરતુ શું તે કદી પણ વિધિએ નિર્માણ કરેલાં કર્ત્તવ્યોનુ ઉલ્લઘન કરતી જોવામાં આવી છે? રામચદ્રનો **સી**તાજી ઉપર કેટલો બધો પ્રેમ હતો? એક દિવસ **સી**તાજીનો સ્પર્શ-સુખાનુભવ કરીને તેઓ બોલેલાઃ-

विनिश्चेतुं शक्यो न सुखमिति वा दुःखमिति वा
प्रबोधो निद्रा वा किमु विषविसर्पः किमु मदः।
तव स्पर्शेस्पर्शे मम हि परिमूढेन्द्रियगणो
विकारश्चैतन्यं भ्रमयति च संमीलयति च ॥

(ઉત્તરરામચરિત)

"મને આજે અનુભવ થઈ રહ્યો છે તે સુખ છે કે દુઃખ? જાગ્રતિ છે કે નિદ્રા? મારા શરીરમાં વિષ વ્યાપી રહ્યું છે કે હું કોઈ માદક પદાર્થના સેવનથી ઉન્મત્ત બન્યો છું? કંઈજ સમજી શકતો નથી. તારા પ્રત્યેક સ્પર્શથી કોણ જાણે કેવો વિકાર ઉત્પન્ન થયો છે કે જેણે મારી સમસ્ત ઈંદ્રિયોને મદ બનાવી દીધી છે. જ્ઞાનનો સર્વથા લોપ થઈ ગયો છે. મને આ શું થયું!" એવા **રામે** પણ કર્તવ્યપાલન ખાતર તેજ **સીતાને** લીલામાત્રમાં વનવાસ મોકલી દીધાં! **બુદ્ધદેવે** પ્રાણપ્રિય ગોપાનો કર્તવ્યને ખાતર ત્યાગ કર્યો! **ચૈતન્યે શચીમાતા** અને **વિષ્ણુપ્રિયાને** છોડીને પ્રેમ-પ્રચારને માટે સન્યાસ ધર્મનો સ્વીકાર કર્યો. દક્ષિણમાં જતી વેળા પ્રાણથી પણ પ્યારા એવા શિષ્યો મૂર્છિત થઈને ધરણી પર ઢળેલા રહ્યા; પરંતુ એકવાર પાછું ફરીને જોવાપણ ન ચાહ્યું.

वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमीश्वरः ॥

પ્રેમીનાં હૃદય પુષ્પથી પણ કોમળ હોય છે. પરંતુ કર્તવ્યનું આહ્‌વાન થતાં તે વજ્રથી પણ કઠોર બને છે. ઉચ્છૃંખલતાશૂન્ય પ્રેમનું આ ચિત્ર સદા સ્મરણમાં રાખો. પ્રેમમાં શાસન છે દલન નથી; ભગવાન આપણા ઉપર પ્રેમ રાખે છે પરંતુ અન્યાય કરશું તો છુટવાના નથી. દંડ ભોગવવોજ પડશે. છતાં એ દંડની અંદર ક્રોધ નથી; તિરછી ભ્રકુટી પણ નથી. ક્રોધનો તો માત્ર દેખાવ છે; મૂળમાં

પ્રસન્નતા છે. પિતા પુત્રના [illegible] ર કરવાને તેને સજા કરે છે પરંતુ આંખ હસતી હોય [illegible] એ સજાની અંદર પ્રેમનો પ્રવાહ કદિકાંઇ વહે [illegible] પાત્રના દોષ દૂર કરવાને માટે શાસન અવશ્ય રહેશે [illegible] તેમાં દલન, અત્યાચાર, અને રિબામણને માટે સ્થાન [illegible]ી. પ્રેમના પ્રહારમાં કઠોરતા નથી. અન્યાયનું દમન કરનાર [illegible] ક્ષણે પ્રહાર કરે છે તેની વળતીજ ક્ષણે તેને ગોદમાં ઉઠાવી લે છે. આને એક સાથેજ શાસન અને ચુંબન કહેવામાં આવે તો અતિશયોક્તિ ન ગણાય. એક બાળકે પોતાના એક બીજા પ્રિય બાળમિત્રને કંઇક અપરાધને માટે સજા કરી. આથી બન્ને વચ્ચે અબોલા થઇ, બન્ને બે દિશામાં ચાલી નીકળ્યા. કેટલાક વખત પછી એક ઝાડ નીચે તેમનો ફરીથી ભેટો થયો; પરંતુ એકબીજાનો સ્પર્શ સુદ્ધાં કર્યો નહિ. એક શબ્દ બોલ્યા પણ નહિ. આ સ્થિતિમાં ઘણો વખત વીતી ગયો. સજા કરનાર બાળક વિચાર કરે છે, મારા પ્રિય મિત્રે ખાધું હશે કે નહિ, એ કેવી રીતે જાણું ? થોડીવાર વિચાર કરીને તેણે ઝાડ સામે જોઇને કહ્યું, " ઝાડ, ઝાડ ! હું બીજા કોઇની સાથે બોલતો નથી, તારીજ સાથે વાત કરૂં છું. હું પૂછું છું, ઝાડ ! તું જમ્યું ? " બીજો બાળક પણ ઝાડ તરફ મોં રાખીને બોલ્યો, " ઝાડ, હું પણ બીજા કોઇની સાથે વાત નથી કરતો, હું તો તને એકલાનેજ કહું છું કે હું જમ્યો છું." સજા કરનાર બાળકે સજા તો કરી પણ તેનામાં દલન કરવાની શક્તિ નથી. પ્રેમે તેની દલનશક્તિ હરી લીધી છે.

પ્રેમમાં અભિમાન છે, અપમાન નથી. **રામપ્રસાદ** ગાઈ ગયા છે:—

"મા મા કહી ના બોલાવું હું આજ પછી
મા મા કહી ના બોલાવું"

પરન્તુ મા પાસે નહિ આવી તેથી શું તેણે અપમાન માની લીધું? જો તે અપમાન માનત તો અભિમાનનું આવું મધુર ગીત ગાઈ શકત નહિ. જ્યાં અપમાનનું ભાન, ત્યાં અભિમાનની મધુરતા નહિ. પ્રેમી કદી કદી અભિમાનમાં રૂસણાં કરે ખરો, પરંતુ પ્રેમપાત્રને ગળે લગાવ્યા વિના તે કેટલો વખત રહી શકે? મનમાં અપમાન માન્યું એટલે પછી કોઈ વળગાવવાનું રહેતું નથી. ગૌરાંગે અભિમાનથી નિશ્ચય કર્યો હતો કે કૃષ્ણનું નામ નહિ લઉં; પણ કઈ પ્રતિજ્ઞા ટકી? પ્રેમી એક ક્ષણે કહે છે, 'હવેથી હું એનું નામ પણ નહિ લઉં.' પરન્તુ બીજે જ ક્ષણે—

आश्लिष्य वा पादरतां पिनष्टु मा
मदर्शनान्मर्महतां करोतु वा।
यथा तथा वा विदधातु लम्पटो
मत्प्राणनाथस्तु स एव नापरः॥

"ભેટે ભલે પાય ઢળેલીને પીસે,
મર્મે વિંધે દર્શહીણી કરી મને;
કરે ભલે તે મનધાર્યું લંપટ,*
છતાંય તે પ્રાણપતિ, ન અન્ય કો."

(ન. આ. પંડ્યા.)

બીજી એક વાત પણ મેં કરી હતી:—

* ભગવાનને અનેક ભક્તો હતા તે "બહુવલ્લભ" કહેવાય છે. એ અર્થમાં તેમને "લંપટ" કહેલા છે.

પ્રેમ.

પ્રેમમાં વિવાદ છે, વિખવાદ નથી. આત્યાર પહેલાં જે કહી ચુકયો છું તે સમજી લીધા પછી એ સમજવામાં મુશ્કેલી ન રહેશે. સંભવ છે કે બાહ્ય મતભેદને લીધે વિવાદ થાય, પરતુ તે કારણથી આદર કયાં જાય? પ્રેમના પાયોજ જ્યારે ભગવાન છે, અને તેના ચરણતળે આપણે સહુ એક થયા છીએ તો બહારની સામાન્ય બાબતોને માટે વિવાદમાં વિખવાદ કેમ આવે?

હું તો કહું છું કે હિંદુ, મુસલમાન, ચીના, પેરૂ-નિવાસી સૌ એક ગંભીર પ્રેમમાં બધાઈ શકે છે. અને એમ થવું એજ વાસ્તવિક છે. મૂળમાં જેના અવલંબનથી પ્રેમની ઉત્પત્તિ છે, તે તો '**विगतविवादम्**' છે તો પછી પ્રકૃત વિવાદ અર્થાત્ વિષાદજનક વિવાદ કયાં રહે? ભગવાન રામ-કૃષ્ણ પરમહંસ તથા કેશવચંદ્રસેન એ બન્ને વચ્ચે મતનો વિવાદ હતો પરતુ વિખવાદ આવ્યો હતો શું? એક બીજાની વચ્ચે જે મિત્રતા બધાઈ હતી તે શું એ વિવાદથી તૂટી હતી?

પ્રેમનાં કેટલાંક લક્ષણ મેં તમને કહ્યાં. આવાં લક્ષણ-યુક્ત પ્રેમને સિદ્ધ કરી શકો તો સુંદર. ભગવાન આટલો બધો સુંદર છે તે કેવળ એ પ્રેમનિધિ છે તેથીજ. તમે પણ પ્રેમી થવાથીજ સુંદર બનશો. સુંદર થાઓ. સુંદર થાઓ. પ્રેમનિધિ હરિ પાસેથી પ્રેમનો સંચય કરો. એજ દૃષ્ટાન્તથી જીવન ધન્ય થશે તમે પગથી માથા સુધી પ્રેમથી અભિસિંચિત થાઓ. વિચારમાં, કાર્યમાં, વાણીમાં પ્રેમના મહિમાનો પ્રચાર કરો—ભગવાન પાસે એજ પ્રાર્થના કરૂં છું. (૧૮ ભાદ્ર, બં. સં. ૧૩૦૦)

(૩)
પ્રેમની શક્તિ અને સાધના

મંદમતિના યુવકો પ્રેમ સમજીને મોહને તેનું સ્થાન આપે છે. મણિની માળા સમજીને સર્પને ગળામાં નાખે છે. અમૃત સમજીને વિષ પીએ છે. સમુદ્ર સમજીને મરુભૂમિ તરફ દોડે છે. એટલા માટે તમને સાવધાન કરવા માટે ગયા શનિવારે મેં પ્રેમનાં કેટલાંક લક્ષણ બતાવ્યાં હતાં. આજે પ્રેમની શક્તિમત્તાનો પરિચય કરાવીશ અને પ્રેમની સાધનાના કેટલાક ઉપાયો બતાવીશ.

પ્રેમ શક્તિમાન છે, સર્વ વિજયી છે. બ્રહ્માંડમાં જે કોઈથી નથી થતું તે પ્રેમ કરી શકે છે. જ્યાં અન્ય સર્વ શક્તિઓ પરાજય પામે છે ત્યાં પ્રેમ વિજયી નિવડે છે. જગતનો ઇતિહાસ જુઓ. જગાઈ, મધાઈ બીજી કોઈ પણ શક્તિથી પરાસ્ત ન થયા પરંતુ જેમ ભાગરથી જબરદસ્ત ઐરાવતને ઘસડી ગઈ તેમ નિતાઈની પ્રેમગંગાએ જગાઈ, મધાઈને ખેંચી લીધા. શિક્ષકે તોફાની બાળકને કાબુમાં લેવા અનેક ઉપાયો કર્યા પરંતુ કંઈ વળ્યું નહિ; પણ જેવો પ્રેમ-દંડ ઉગામ્યો કે તરતજ બાળક કાબુમાં આવી ગયો. એક માણસ ભયંકર રોગમાં સપડાયો હતો. વૈદ્ય અનેક ઉપાયોને પરિણામે પણ તેને પથારીમાંથી ઉઠાડીને બેઠો નજ કરી શક્યો. એકાએક કોઈ પ્રેમપાત્ર આવીને હાજર થતાં તેના આખા શરીરમાં વિદ્યુત્ વ્યાપી ગઈ અને પથારીવશ રોગી ઉઠીને બેઠો થઈ ગયો.

પ્રેમ દુબળને સબળ કરે છે, અસંસ્કૃતને સુસસ્કૃત બનાવે છે, મહાપાપીને પુણ્યાત્મામાં પરિણત કરે છે. બીજું શું જોઇએ ? પોતાના જીવનનું અવલોકન કરો. જેટલો પ્રેમ તેટલોજ જયજયકાર જણાશે. પ્રેમ સર્વોષધિ છે. મહૌષધિ છે. સ્વર્ગ અને મર્ત્ય લોક એક પ્રેમ ઉપર અવલંબી રહ્યાં છે સુરલોક અને નરલોક પ્રેમસૂત્રમાં પરોવાયલાં છે; પ્રેમના કરતાં કોઇ મહાન નથી, કોઇ શકિતમાન નથી. સિરાજુદૌલા જેવા અધર્મી પણ *રામપ્રસાદના પ્રેમગાનથી પાણી પાણી થઇ ગયો. આજે રાજરાજેશ્વરનો કનકકિરીટ જમીન પર લોટતા પ્રેમ સૂત્રધારના ચરણતળ પાસે પડયો છે. નેપોલિયન બોનાપાર્ટ જે ન કરી શકયો તે ઇસુ કરી ગયો છે. નેપોલિયન સેન્ટહેલીનામાં એ વાતનો ઉલ્લેખ કરીને રોયો હતો. વળી નેપોલિયનનામાં પોતાના સૈનિકો ઉપર મોહિની ચલાવવાની જે શકિત હતી તે પણ પ્રેમનીજ શકિત હતી. તે પોતાના સૈનિકો ઉપર એટલો તો પ્રેમ રાખતો કે તેની આગળ તેઓ મંત્રમુગ્ધ સર્પની પેઠે વશ થઇ જતા. આર્કોલાના યુદ્ધનો વિજય એ એક પ્રેમકણની શકિતના વિકાસનું દ્યોતક છે. ઑસ્ટરલિટ્ઝ યુદ્ધમાં નેપોલિયનના પ્રાણ પ્રેમેજ બચાવ્યા હતા. ધનનન કરતો અગ્નિના જેવો તોપનો ગોળો નેપોલિયન ઉપર આવ્યો ત્યારે તેના બાળસહચર જેક્રેપોના પ્રેમે એ ગોળાને પોતાની છાતી ઉપર ઝીલી લીધો.

* એક બંગાળી શાક્ત કવિ

પ્રેમ આવી શક્તિને [illegible] છે. વિશ્વભરમાં
એજ પ્રેમની જયઘોષ [illegible] પ્રેમના મહીમાનાં
નાનાં મોટાં હજારો [illegible] એમ છે.

હવે પ્રેમની [illegible] ઉપાય બતાવવાનો
પ્રયત્ન કરીશ.

૧. પ્રેમની [illegible] પ્રેમ સ્વરૂપનુ પ્રેમ-
કીર્તન, પ્રેમીઓની [illegible] અને પ્રેમી-
ઓના જીવન ચરિ[illegible] પ્રેમકીર્તન,
રામકૃષ્ણ પરમહંસ [illegible] જેવા
પ્રેમીઓનો સત્સંગ, [illegible] પ્રેમની ચર્ચા
તથા ગૌરાંગ, બુ[illegible] અભ્યાસ
કરવાથી જેના હૃદ[illegible] પણ પ્રેમના સંચાર
થશે અને જેનામાં [illegible] થશે. પ્રેમ-
સ્વરૂપની પ્રેમલી[illegible] કીર્તન કરવાથી
અને પ્રેમીઓની [illegible] સત્યચર્યા
કરવાથી કઠોર [illegible] પણ અનંત સિંચાશે
અને તેના હૃદય [illegible] ઉઠશે કે
તે પ્રેમનો આસ્વા[illegible] છે પ્રેમ, ક્યાં છે પ્રેમ"
એમ પુકારતો [illegible] ભગવાનને પણ
ભક્તના હૃદયની [illegible] મહીને છૂ મહીને

* ઉલ્કા સૈકામાં [illegible] પ્રસિદ્ધ સંન્યાસીઓમાંના
એક, એએ. કાશીમાં [illegible]

કે, વહેલા મોડા ગમે ત્યારે પણ તેને દર્શન દીધેજ છૂટકો. જગાઇના હૃદયમાં નિતાઇના સત્સંગપ્રતાપે થોડાજ ક્ષણોમાં પ્રેમનો પાયો ચણાઇ ગયો.

૨. પ્રકૃતિનું દર્શન અને વિશ્વવ્યાપી પ્રેમના ક્રમનો વિકાસ કેવી રીતે થાય છે તેનું ચિંતન. જરા વિચાર કરતાંજ પ્રતીતિ થશે કે માનવસમાજ પ્રેમના પાયા ઉપરજ રચાયો છે. જગત જેટલું ઉન્નત થાય છે તેટલોજ પ્રેમનો મહિમા વિસ્તૃત થાય છે, અમેરિકાના શિકાગોની "સર્વધર્મ પરિષદ" પ્રેમનો મહા મેળો હતી. આ જગતના ભિન્ન ભિન્ન દેશની ભિન્ન ભિન્ન જાતિઓએ પરસ્પર ભેટીને ત્યાં પ્રેમસ્વરૂપની પ્રેમલીલાનું દર્શન કરાવ્યું. એ 'સર્વ ધર્મ પરિષદ' (Parliament of Religions) શું શીખવે છે? ભિન્ન ભિન્ન મતોને લીધે બહારથી ભલેને ગમે એટલા ગુંચવાડા દેખાય પરંતુ ધર્મનું કેન્દ્રસ્થાન તો પ્રેમ જ છે. જુદા જુદા દેશોમાં જેમ જેમ વેપાર ઉદ્યોગ વિસ્તાર પામતો જાય છે તેમ તેમ તે દ્વારા પણ પ્રેમનોજ પ્રચાર થતો જાય છે. અમારા અભાવની પૂર્તિ તમે કરો છો, તમારા અભાવની પૂર્તિ અમે કરીએ છીએ—એક બીજાની ત્રુટી પુરાય છે. રાજનૈતિક પ્રવૃત્તિમાં પણ જરા ધ્યાન દેવાથી પ્રેમનાં ખેલનો જોઈ શકાય છે. ઇંગ્લાંડ ભારતવર્ષ પાસેથી ઘણું મેળવે છે. ભારત પણ ઇંગ્લાંડ પાસેથી ઘણું મેળવે છે. આખું જગત્ પ્રેમસૂત્રથી બંધાયલું છે.

ઉંડા ઉતરતા જાઓ, એક એક આધ્યાત્મિક તત્ત્વના ઉઘાડમાં પ્રેમની એવી લીલાઓનાં દર્શન થાય છે કે તેને વર્ણવવાનું ભાષામાં સામર્થ્ય નથી.

પ્રકૃતિનું દર્શન ઘણુંજ પ્રેમોદ્દીપક છે. ચંદ્ર, સૂર્ય, જલ, વાયુ, વૃક્ષ, લતા આદિ પ્રેમસ્વરૂપના આદેશનું પ્રતિપાલન કરીને આપણને કેવી તૃપ્તિ આપે છે તે વિચારી જોઇશું તો હૃદયમાં પ્રેમનો સંચાર થશે. ઓ પ્રેમપિપાસુ, તું થોડાક દિવસ ચંદ્રની સામે જો તો ખરો, તારૂં હૃદય રસથી પરિપૂર્ણ થાય છે કે નહિ? પ્રકૃતિનાં સુંદર સુંદર ચિત્રો જુઓ, નદીનો કલકલ ધ્વનિ સાંભળો, મલય વાયુનું સેવન કરો, ફૂલ કેવાં ખીલે છે તે જોતા રહો, ઝરમર ઝરમર વરસતા મેહુલાનો આનંદનો અનુભવ કરો, આમાંનું એકાદ કરી જોશો તો હૃદયમાં પ્રેમનું ઝરણું ફુટશે. પ્રકૃતિની મનોહારિણી મૂર્તિ જોતાં જોતાં હૃદય પ્રેમથી પૂર્ણ થશે. 'પુષ્પની ગંધમાં તેની યાદ આવે છે, જેને હું ચાહું છું.' જો આજ સુધી કોઇના પર પ્રેમ કરી જાણ્યો નહિ હોય તો એ પ્રકૃતિ દર્શનથી પ્રેમનું અનેરૂં સ્ફુરણ અનુભવશો. પ્રેમમયી પ્રકૃતિની પાસે ઉભા રહેતાં જ તે હૃદય પાત્રને પ્રેમથી પૂર્ણ કરી દેશે. એટલા માટે ચારે તરફનાં અગણિત મનોહર દૃશ્યો જોઇને તમારા હૃદયને ભરી દો. જો તમારૂં કોઈ પ્રેમ પાત્ર હોય તો તેને સાથે રાખીને પ્રકૃતિનું–કુદરતનું દર્શન કરતા રહો. દૃશ્ય બમણું મધુર લાગશે અને ક્રમશઃ પ્રેમ વૃદ્ધિ

પામશે. તમારા પ્રેમપાત્રની સાથે જેટલેજેટલાં પ્રકૃતિનાં દર્શન કરશો, તેટલીજ બન્નેના હૃદયમાં પ્રેમની વૃદ્ધિ થશે. અને જેમ જેમ પ્રેમની વૃદ્ધિ થશે તેમ તેમ બન્ને જણ સૂર્યમાંથી તેજ, ચદ્રમાંથી માધુરી, પુષ્પોમાંથી કોમળતા, અને સાગરમાંથી ગંભીરતા પામી શકશો. અને કુદરતમાં રહેલી વ્યવસ્થા, શૃંખલા, અને શાસનનું દર્શન કરીને અને તેને પોતાના જીવનમાં ઉતારીને બન્ને જણ દિવ્યધામને યોગ્ય બની શકશો.

૩. પ્રેમપાત્રને સાથે લઇને કર્તવ્યસાધનામાં આગળ ધસો બે જણ સાથે મળીને કર્તવ્યસિદ્ધિ માટે જેટલા પ્રયત્ન કરશો તેટલું કર્તવ્ય મધુર લાગશે. પહેલાંજ કહી ચૂકયો છું કે જે પ્રેમ કર્તવ્યજ્ઞાન નષ્ટ કરે છે તે પ્રેમ, પ્રેમ નથી; મોહ છે. પ્રેમપાત્રના દર્શનથી ચિત્તની એકાગ્રતા જન્મે છે, અને તેથી કર્તવ્ય સાધનામાં ચિત્ત અધિક પરોવાય છે. પતંજલિએ ચિત્તની એકાગ્રતાની સાધનાના સંબંધમાં લખ્યું છે કે **यथाभिमत ध्यानाद्वा**—જે પ્રિય હોય તેના ધ્યાનથી ચિત્ત એકાગ્ર થાય. ચંદ્રને જોતાં જોતાં ચિત્ત એકાગ્ર થઇ જાય છે. જેને ચાહો છો તેને જોતાં જોતાં ચિત્તના વિક્ષેપ દૂર થાય છે. જે પ્રેમથી પ્રેમપાત્રને જોતાં ઇંદ્રિય ચંચળ બને, ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન થાય તે પ્રેમ નથી. તે તો સર્વનાશનું દ્વાર કામ અથવા મોહ છે. એવા પ્રેમથી સદા તમારૂં રક્ષણ થાવ! પ્રેમી અને પ્રેમપાત્ર બન્ને મળીને પોત-

પોતાના કર્તવ્યની સાધનામાં લાગી જાય તો કર્તવ્ય ઘણી સુંદર રીતે સંપન્ન થાય. વળી એક બીજાનું દર્શન અથવા શ્રુતિમુખ કર્તવ્યની સાધનામાં સહજ અનુકૂળ હોવાથી પરસ્પરનો પ્રેમ ગાઢ થતો જાય છે. જે મારા કર્તવ્યમાં સહાયક હોય તે અવશ્ય મારૂં પ્રિયપાત્ર છે. અને જેને પોતાનુ કર્તવ્ય સુંદર રીતે સંપાદન કરતા જોઈએ છીએ તેના ઉપર પણ પ્રેમ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. એટલા માટે બન્ને પોતપોતાના કર્તવ્યની સાધનામાં એક બીજાને સહાયક જાણીને અને બન્ને એક બીજાને કર્તવ્યનિષ્ઠ જોઈને પરસ્પર અધિકાધિક પ્રિય થતા જાય છે.

૪ પરસ્પર જીવનાર્પણ કરવાથી પ્રેમની વૃદ્ધિ થાય છે! જેવી રીતે આત્મપરીક્ષાદ્વારા પોતાનું હૃદય નિર્મળ કરવુ પડે છે, તેજ પ્રમાણે પ્રેમપાત્રના જીવનની પરીક્ષાદ્વારા તેના હૃદયને નિર્મળ કરવું પડે છે. તેમ તમારા હૃદયના પ્રેમને અને જે તમને ચાહે છે તેના હૃદયના પ્રેમને કસોટી પર ચડાવી પરીક્ષા કરો; પ્રેમના જે જે લક્ષણ મેં કહ્યાં છે તે તેની સાથે મેળવી જુઓ. જો તેનો ભાસ એમાં થાય તો સમજવું કે સોનુ શુદ્ધ છે. જો લક્ષણ ન મળે તો એવા પ્રેમથી દૂર રહો. પ્રેમ અમૃત છે, પરંતુ તે જો વિષમિશ્રિત હોય તો તેના જેવું પ્રાણઘાતક બીજુ કંઈ નથી. પાણી વિના આપણા પ્રાણ ટકી શકતા નથી. પણ તેજ પાણીમાં રોગનાં જંતુ ભળ્યાં હોય તો તે રોગનું ઘર છે. વિષયુક્ત પ્રેમ શયતાનનું મુખ્ય અસ્ત્ર છે. જગતના ઇતિહાસમાં જોશો કે

એવા પ્રેમથી શયતાને હજારો જીવોનો નાશ કર્યો છે. સ્થળે સ્થળે એનાં અસ્થિસ્તૂપ પડયાં છે. સાવધાન, જ્યાં એવા મૃતાસ્થિના સ્તૂપો ખડકેલા જુઓ તે દિશામાં રખે જતા. પરસ્પરના પ્રેમની પરીક્ષા કરીને તે પછી જીવન પરીક્ષા કરવી. પ્રેમપાત્રના જીવનમાં કયા કયા ગુણો છે, કયા કયા દોષો છે તેની બારિકાઇથી પરીક્ષા કરો. આવી પરીક્ષા એ પ્રેમપાત્રનો ધર્મ છે. અને પ્રેમમાં આવી પરીક્ષાના સુયોગ પણ આશ્ચર્યકારક રીતે પ્રાપ્ત થાય છે. પ્રેમપાત્ર પ્રેમીની પાસે હૃદય ખોલ્યા વિના નથી રહી શકતો. જ્યાં પ્રેમ છે ત્યાંજ હૃદય ઉઘડે છે. તેની પાસે પ્રેમપાત્રનું બાહ્ય અને આંતર સર્વ ખુલ્લું હોય છે. જ્યાં હૃદય ઉઘાડાં ફક નથી ત્યા પ્રેમ નથી પ્રેમપાત્ર પ્રેમી પાસે પોતાનાં હૃદયનાં પડે પડમાં સારૂં કે નરસું જે કંઇ રહેલું હોય તે આણુએ આણુ ખોલીને બતાવે છે. અને એ પ્રમાણે પ્રેમીના હૃદયની જ્યોત્સ્નાથી પોતાનું બાહ્ય અને આંતર ધોઇ લે છે. આમાં જેવો આનંદ છે તેવો જગતમાં બીજો કોઇપણ જાતનો આનંદ નથી.

તમે કહો છો કે સૂર્યોદયથી કમળ ખીલે છે પરંતુ મારી સમજમાં તો એમ આવે છે કે કમળ પોતાના હૃદયમાં શું છે, તે ખોલી ખોલીને પ્રિયતમ સૂર્યને બતાવે છે, અને તેનાં કિરણથી પોતાનાં અંતસ્થલને સુશોભિત કરીને આનંદમાં પાંખડીઓ પસારે છે, કુમુદિની ખીલે છે ચંદ્રને જોઇને, અર્થાત્ તેની પાસે હૃદયનું અંતસ્થલ ખોલીને તેના પડેપડમાં

ચન્દ્રની જ્યોત્સ્ના અર્ચી લે છે. એ પ્રમાણે હૃદય ખોલીને પ્રેમપાત્રના શુભ્ર કિરણોથી તેને રંગી દેવાની ઇચ્છા સર્વની હોય છે. આમ પરસ્પરનાં હૃદય ખુલ્લાં થાય તેથી એક બીજાના જીવનની પરીક્ષાના ઉત્તમ અવસર પ્રાપ્ત થાય છે. એ સુયોગનો સદુપયોગ કરીને દોષ અને ગુણ વીણી વીણીને જુદા પાડવા જોઇએ. પ્રેમપાત્રના જીવનનુ પૃથક્કરણ (Analyses) કરો. અતિ તીક્ષ્ણ દૃષ્ટિથી તપાસો કે તેનું જીવન ક્યાં ક્યાં તન્મય બનેલ છે. અને તેમાં જે જે ગુણદોષ હોય તે બધાનું પૃથક્કરણ કરો અને પછી તેનુ એકીકરણ કરીને પ્રેમપાત્રનાં જીવન અને ચરિત્રની મૂર્તિ રચો. પ્રેમપાત્રના વિચાર એજ વ્યષ્ટિ અને સમષ્ટિના વ્યાપાર છે. પૃથક્કરણ અને એકીકરણથી જ્ઞાનની ઉન્નતિ થાય છે વિજ્ઞાનની કોઇપણ શાખાનું અવલોકન કરશો તો તેમાં તમે કેવળ વ્યષ્ટિ અને સમષ્ટિજ જોશો. અધ્યાત્મશાસ્ત્ર માનસશાસ્ત્ર, પ્રકૃતિશાસ્ત્ર સર્વનો વિષય વ્યષ્ટિ અને સમષ્ટિ; કેવળ પૃથક્કરણ અને એકીકરણ. એનાથી જ્ઞાનનો વિકાસ થાય છે તથા બુદ્ધિ સંશુદ્ધ બને છે. પ્રેમીને જે કંઈ પ્રિય છે તે વડેજ તે વ્યષ્ટિ અને સમષ્ટિ સાથે રોકાયેલો રહે છે, તેથીજ એમર્સને કહ્યું છે કે Lovo sharpens intellect-પ્રેમ બુદ્ધિને તીક્ષ્ણ બનાવે છે. જેના ઉપર પ્રેમ રાખો તેના ચરિત્રનું સુક્ષ્મ દૃષ્ટિથી પૃથક્કરણ કરો. કોઇ કોઇ કહે છે કે પ્રેમ આંધળો છે, પણ પ્રેમ કદીપણ આંધળો નથી. કામ (Cupid) આંધળો ખરો, પરંતુ

પ્રેમ (Love) ચક્ષુષ્માન છે. ભગવાન પ્રેમસ્વરૂપ છે. ભગવાન વિશ્વતશ્ચક્ષુ છે. પ્રેમસ્વરૂપ વિશ્વતશ્ચક્ષુ. એટલા માટે પ્રેમ તીક્ષ્ણ દૃષ્ટિથી પ્રેમપાત્રના આંતર તત્ત્વને જાણી લે છે, એથી પ્રેમમાં ઉણપ આવશે એવી આશંકાનું કારણ નથી. પ્રેમપાત્રમાં કોઈ ત્રુટી જોતાંજ પ્રેમી તેને દૂર કરવાને અધીરો બની જાય છે. એથી પ્રેમની વૃદ્ધિ થાય છે. પ્રેમી પ્રેમપાત્રને હૃદય સરસો ચાંપીને કહે છે કે તુ મારો પ્રેમારાધ્ય દેવતા છે, એટલે હું તારામાં કલંક જોઈ શકું નહિ. તુ એ ત્રુટીને શીઘ્ર દૂર કર. પ્રેમપાત્રના કાનમાં પ્રેમીની આજ્ઞા વેદવાક્ય સમાન છે. પ્રેમીની આજ્ઞાને આચારમાં ઉતારવાનો પ્રયત્ન તરતજ આરંભાય છે, પ્રેમી એ કાર્યમાં સહાયક બને છે. પ્રેમસ્વરૂપના આશીર્વાદથી દોષ અલ્પ સમયમાંજ દૂર થઈ જાય છે. આ પ્રકારની આજ્ઞાનુ જેટલુ પાલન થાય તેટલે દરજ્જે દોષ દૂર થાય અને તેટલેજ દરજ્જે પ્રેમ તરંગે તરંગે આગળ વધે છે. વળી હું મારા હૃદયેશ્વરને યોગ્ય એવું પ્રેમપાત્ર બનુ તે માટે મારા સર્વ દોષો દૂર કરવા આવશ્યક છે એ વિચારજ મનુષ્યને નિર્મળતા પ્રતિ ધપાવે છે. એ વિચારની સાથે સાથેજ પ્રેમની વૃદ્ધિ થાય છે. કંઇ કેટલીવાર એવું બને છે કે હૃદયના કોઈ ખૂણામાં અંધકાર છુપાયલો હોય છે; આત્મપરીક્ષાદ્વારા પણ એને બહાર કહાડી શકાતો નથી. પરંતુ પ્રેમપાત્ર એ દોષને પકડી કહાડે છે. અને આ પ્રમાણે તે દોષ દૂર થાય છે. હું મારા સંબંધમાં જે પડે ન કરી શકો તે

પ્રેમીએ મારી પાસે કરાવ્યું, એટલા માટે તે કાર્ય વિશેષ સુમધુર છે. આપણે આપણા શરીરના અમુક ભાગ જોઈ શકતા નથી પરંતુ પ્રેમી જોઇ શકે છે, તેજ પ્રમાણે આપણા ચરિત્રનાં અનેક સ્થળો કદાચ આપણી દૃષ્ટિની બહાર રહેતાં હોય પણ પ્રેમી તો સર્વ દેખી શકે છે. તેથીજ મને તે મારા આત્માથી પણ અધિક આત્મીય છે. જો હું તેને પ્રાણ પાથરીને ન ચાહું તો કોને ચાહીશ?

૫ એકાંતમાં બેસીને કરેલું પ્રેમપાત્રનું ધ્યાન અત્યંત ઉપકારક છે. ધ્યાન શેનું ધરશો? તેની આંખોનું, કાનોનું, નાકનું જીભનું કે ચામડીનું? એને છોડી દેવાનું નથી કહેતો પરંતુ ધ્યાનનો મુખ્ય વિષય તેના શમ, દમ, દક્ષતા, બુદ્ધિ-શક્તિ, દયા, આધ્યાત્મિકતા આદિ ગુણોનો સમૂહ છે. એવા ધ્યાનથી પ્રેમની ભારે વૃદ્ધિ થાય છે. ચક્ષુ, કર્ણ નાસિકાઆદિને છોડીને જો આત્માને ગ્રહણ કરવો હોય તો કોઇ કોઇવાર અંતર્મુખ થવાની જરૂર છે. બાહ્ય શરીરના ધ્યાનનો કોઈ કોઇવાર નિરોધ કરવો એ આત્મસાક્ષાત્કાર માટે અત્યંત હિતકારક છે. એટલા માટે એમર્સને કહ્યું છે કે Leave this touching and clawing—આ હાડચામનાં ખોખાંને ત્યજો. આત્મામાં ચિત્ત એકાગ્ર કરી ઈશુની પાછળ કેટલાયે શહીદ થઇ ગયા. તેમણે તેની મૂર્તિ જોઈ ન હતી. આત્માને ખાતર આત્મા પર પ્રેમ કરેલા. વોશિંગ્ટન અરવીંગે એક સ્ત્રીની વાત લખી છે કે તેણે બાયરનને જોયો ન હતો તો પણ તે તેને માટે પ્રાણ અર્પવાને તૈયાર હતી.

ઉપસંહારમાં કહું છું કે ભગવાનની ઉપાસના કરવાના સમયે પ્રેમપાત્રને હૃદયમાં રાખીને બેસો, જો તે પાસે ન હોય તો તેની મૂર્તિને ભગવાનના ચરણ આગળ સ્થાપિત કરો અને તેજ શ્રીચરણમાં તેના આત્માની અંજલિ આપો. જુઓ કેટલું સુખ, કેટલો આનંદ મળે છે ? જેને ચાહો છો તેના આત્માનો હાર ગુંથીને ભગવાનના ચરણે ભેટ ધરો. જુઓ, તેમાંથી અમૃત ઝરે છે. તમારે તમારા પ્રેમપાત્રના સંબંધમાં જે કંઇ કહેવું હોય તે એજ ચરણોમાં નિવેદન કરો. તેનુ કલ્યાણ થશે. તમારૂં યે કલ્યાણ થશે. જે દિવસે સારા જગતને પોતાનું ગણીને અંજલિ આપી શકશો તે દિવસે તમે પ્રેમસ્વરૂપના યોગ્ય સંતાનને નામે પોતાને ઓળખાવી શકશો. દેવગણ તમને પ્રેમીના સિંહાસન પર બેસાડીને તમારી પ્રેમઆરતિ ઉતારશે. ચારે તરફ અમૃત વ્યાપી રહેશે તે દિવસે સાચેજ તમારે માટે આ મૃત્યુધામ સ્વર્ગ બની જશે.

હે બંગના આશારૂપ યુવકો ! કામ અને મોહમાં દેશનો વિનાશ થઇ રહ્યો છે. એટલા માટેજ તમારી સામે પ્રેમનો ઉચ્ચ આદર્શ રજુ કર્યો છે. તમે એ આદર્શને સંમુખ રાખીને પ્રેમની સાધના કરો. તમારૂં મંગલ થશે, આ દેશની રક્ષા થશે, આ વિદ્યાલયની સ્થાપનાનો ઉદ્દેશ સફળ થશે, તમારા શિક્ષક અને વાલીઓના આનંદનો પાર નહિ રહેશે, સ્વર્ગથી પુષ્પવૃષ્ટિ થશે, ફરી પાછો સુદિન ઉગશે, ભગવાન તમને આશીર્વાદ આપો. (૨૫ ભાદ્ર, ૧૩૦૦)

નોંધ

પૃ. ૨૧. ૩૪: શ્રી ચૈતન્ય (ગૌરાંગ)

કલકત્તાથી ઉત્તરે ૭૦ માઈલને અંતરે નવદ્વીપ નગરમાં શકે ૧૪૦૭ના ફાલ્ગુન માસની પૂર્ણિમાને દિવસે સમી સાંજે જગન્નાથ મિશ્ર નામના એક નિર્ધન બ્રાહ્મણ પંડિતની પત્ની શચી દેવીએ એક પરમ સુંદર બાળકને જન્મ આપ્યો. તેની સુંદર કાન્તિ અને ગૌર વર્ણને લીધે સૌએ તેનું નામ ગૌરાંગ અથવા ગૌરહરિ પાડ્યું. ઘણીજ ન્હાની ઉમ્મરમાં આ અદ્ભુત શક્તિસંપન્ન બ્રાહ્મણ કુમારે વ્યાકરણ ઉપર એવો સરસ કાબુ મેળવ્યો કે પંદર વર્ષની વયે તેણે પંડિતોની છાવણી જેવા નવદ્વીપ શહેરમાં વ્યાકરણની પાઠશાળા ઉઘાડી. એજ અરસામાં કેશવ કાસ્મીરી નામના દિગ્વિજયી પંડિતને

તેમણે કાવ્ય અને અલંકારશાસ્ત્રની ચર્ચામાં હરાવી નવદ્વીપનુ ગૌરવ જાળવ્યુ. તે દિવસથી તેમણે ત્યાંના પંડિત સમાજમાં પહેલું સ્થાન પ્રાપ્ત કર્યું. ૨૩ વર્ષની વય સુધી તેમણે માત્ર સાહિત્યચર્ચામાંજ કાળક્ષેપ કર્યો. ઈશ્વરપુરી નામના એક સંતના સમાગમથી તેમનામાં ભક્તિનો અદ્દભુત જોસ પ્રકટી નીકળ્યો અને તેમની મનોવૃત્તિઓ શ્રીકૃષ્ણપ્રેમમાં પરોવાઈ. તેમની ભક્તિનો સુવાસ ચારે દિશાએ ફેલાયો અને અદ્વૈત આચાર્ય, નિત્યાનંદ (નિતાઈ) વગેરે તે સમયના બંગાળાના સંતો તેમના છત્ર નીચે એકઠા થયા. એ મોજુ આખા બંગાળામાં ફેલાયુ અને લાખો માણસો તેમની કૃપાથી પ્રેમભક્તિની મસ્તદશા અનુભવતા થયા.

પરંતુ તર્કપ્રિય, તીક્ષ્ણ બુદ્ધિસંપન્ન નૈયાયિકો અને પંડિતો ઉપર તેમની અસર થઈ નહિ. તેથી તેમનાં હૃદયને કરૂણરસથી પીગળાવવા માટે તેમણે ૨૪ વર્ષની ભરજુવાનીમાં ૭૦ વર્ષની ઘરડી મા અને ૧૫ વર્ષની યૌવનને ઉંમરે ઉભેલી પત્ની વિષ્ણુપ્રિયાને તજીને સંન્યાસ લીધો. તે દિવસથી તેમણે શ્રીકૃષ્ણ ચૈતન્ય નામ ધારણ કર્યું, ત્યાર પછી તરતજ વાસુદેવ સાર્વભૌમ નામના સર્વપ્રધાન નૈયાયિક પંડિતને વાદમાં હરાવીને તેને પોતાનો અનુગત કર્યો; ત્યારથી પંડિતવર્ગ તેમના તરફ આકર્ષાયો. તેમણે દક્ષિણ તથા ઉત્તર ભારતમાં ૭ વર્ષ સુધી પ્રવાસ કરીને પ્રેમધર્મનો પ્રચાર કર્યો. કાશીમાં સ્વામી પ્રકાશાનંદ સરસ્વતીનો પરાભવ કરી તે મહાત્માની

વેદાન્તવાદી સન્યાસીને પ્રેમભક્તિ તરફ વાળીને તેમણે પ્રચાર કાર્યની પૂર્ણાહુતિ કરી.

ત્યાર પછી આ નવા સ્થાપેલા ધર્મના કોટકિલ્લારૂપી શાસ્ત્રો રચાવવાનું કામ આદર્યું. એ કાર્યને માટે તે વખતના બંગાળાના સુલતાનના મંત્રીઓ રૂપ અને સનાતનને પસંદ કર્યા. એ બેઉ ભાઇઓ સંસ્કૃત અને ફારસીમાં પારંગત હતા. તેમને શ્રી ચૈતન્યે ખાસ ઉપદેશ આપી, ભેખ ધારણ કરાવીને વૃન્દાવન મોકલ્યા. તેમણે પ્રેમભક્તિનું સ્થાપન કરનારા ભારે ભારે શાસ્ત્રગ્રંથો રચ્યા. એ કામમાં પાછળથી તેમના ભત્રિજા જીવ, પણ જોડાયા.

આ બે કાર્ય પૂરાં કર્યા પછી શ્રી ચૈતન્ય ૧૮ વર્ષ સુધી પુરીધામમાં રહ્યા. એ સમય દરમ્યાન તેમણે પોતાના આચરણ અને ઉદ્‌ગાર વડે પ્રેમતત્ત્વનું ઝીણું ઝીણું સ્વરૂપ બતાવ્યું. ૪૮ વર્ષે તેમણે અલૌકિક રીતે આ જગતની રજા લીધી એમ કહેવાય છે.

એમનો પ્રેમ નિઃસીમ હતો, વ્યાપક હતો. અત્યજો અને મુસલમાનોને પણ એમણે પોતાના શિષ્ય મંડળમાં દાખલ કરી કંઠી બાંધી હતી. પાપીઓ તરફ એમની કરુણા અપાર હતી. પાપીઓને જોઇને એમની આંખમાંથી આંસુનાં પૂર વહેતાં. એમને મારવા આવનાર પાસે પણ પ્રેમ-ભિક્ષા માગતા.

आमाके आघात करो ताते क्षति नाइ ।
प्राण भरि हरि बोलो एइ भिक्षा चाइ ॥

" તું મને મારે તેનો વાંધો નથી પણ એક વાર હૃદયા ભરીને હરિનામ લે, એટલીજ હું ભિક્ષા માગુ છું.

પૃ. ૨૧: સેન્ટ જૉન:—ઇસુ ખ્રિસ્તની એક સુવાર્તા લખનાર સંત.

પૃ. ૨૧: સેન્ટ પૉલ:—એક વારનો ખ્રિસ્તી ધર્મનો પ્રબળ વિરોધી હતો. એને રોમન સમ્રાટે આ નવા ધર્મને પદદલિત કરવા પગાર આપી રોકયો હતો, પણ પોતે વિદ્વાન અને સત્ય-પિપાસુ હોવાથી વિચાર કરતાં કરતાં તેને સમજાયું કે આટ આટલાં સખ્ત દમન છતાં ખ્રિસ્તી ભકતોનું ધૈર્ય અને ચિત્તની પ્રસન્નતામાં કશી ક્ષતિ આવતી નથી તેથી તેમના આધ્યાત્મિક બળનું મૂળ ઝરણુ કોઈ કાયમના શકિતભંડારમાં હોવું જોઇએ. આવી વિચારમાળાને પરિણામે તેના હૃદયમાં ધાર્મિક જોસ પ્રકટયો. રોમન સમ્રાટની સેવાને ફેંકી દઇને ખ્રિસ્તી ધર્મને સુદૃઢ કરવાના કાર્યમાં તેણે ચિત્ત પરોવ્યું. ઇસુના ધર્મને સુવ્યવસ્થિત કરવાનું અને યુરોપમાં તેનો પ્રચાર કરવાનું મહત્ કાર્ય સેન્ટ પૉલે આદર્યું અને છેવટે એજ કાર્યમાં આજીવન રત રહેતાં રોમન સમ્રાટના ક્રોધનો ભોગ થઇ પડી પ્રસન્ન ચિત્તે તેણે જલ્લાદની છુરી આગળ પોતાની ગરદન ઝુકાવી.

પૃ૦ ૨૪: ડેમન અને પિથિયાસ

ઈટલિની દક્ષિણે **સિસિલિનો** ટાપુ છે. તેની રાજધાની **સાઇરેક્યૂસ**માં આ બે દિલોજાન મિત્રો વસતા હતા. ત્યાંનો રાજા ડાયોનિસિયસ ઘણોજ બાહોશ, વિદ્યાવિલાસી પણ વહેમી હતો. જેના ઉપર તેને લેશ માત્ર વહેમ આવતો તેનો સર્વનાશ કર્યા વિના તે રહેતો નહિ. હતભાગ્ય **પિથિયાસ** તેની ખફગીના સપાટામાં આવી જવાથી તેને દેહાંતની શિક્ષા ફરમાવવામાં આવી. પણ તેને ત્યાંથી દૂર આવેલા **ઍથેન્સ** નગરમાં થોડીક જમીન અને બીજી મિલ્કત હતી. તેની વ્યવસ્થા કરવા જવાની **પિથિયાસે** રજા માગી અને તેટલું કામ આટોપી રહીને તરતજ પ્રાણાંતની શિક્ષા માટે હાજર થવા વચન આપ્યું. પણ મનુષ્યસ્વભાવમાં રહેલા ઉમદા ભાવોના અસ્તિત્વને નહિ પિછાણનાર ડાયોનિસિયસ એ વાત માની શક્યો નહિ. પ્રાણાંતની શિક્ષા જેને કરવામાં આવી છે એવો માણસ છૂટો થઇને સેંકડો ગાઉ દૂર ગયા પછી પોતાની રાજીખુશીથી ફાંસીએ ચડવા આવીને ઉભો રહે એ કેમ માની શકાય? આખરે **પિથિયાસને** માટે **ડેમન** જામીન થયો અર્થાત્ તે ઠરાવેલે દિવસે ન આવે તો તેને ઠેકાણે પોતે ફાંસીએ જવા બંધાયો. **પિથિયાસ** દેશ ગયો. તેનો પાછો આવવાનો દિવસ નજીક આવતો ગયો પણ **ડેમન**ના હૃદયમાં જરા પણ ક્ષોભ ન હતો. તેને **પિથિયાસના** ટેકમાં શ્રદ્ધા હતી. કદાચ તે વખતસર નહિ આવી શકે તો તેની

કસૂર નહિ પણ સમુદ્રના તોફાન અને પ્રતિકૂળ પવનને લીધે તેને આવતાં વિલંબ થાય એવું તે માનતો હતો. આવા સાચા મિત્રને માટે પ્રાણ આપવો પડે તો તે પણ એક લ્હાવો છે એવું તે સમજતો હતો. ઠરાવેલો દિવસ આવી પહોંચ્યો પણ **પિથિયાસ** ક્યાં ? ડેમનને પકડયો અને વધસ્થાનપર લઇ જવામાં આવ્યો. એજ ક્ષણે **પિથિયાસ** આવીને હાજર થયો. ડાયોનિસિયસ ટેક અને સ્વાર્પણનુ આ જીવંત દષ્ટાંત જોઇને મુગ્ધ થયો. આ બે ઉદાર જીવોને તેણે મૃત્યુ દંડમાંથી મુક્ત કર્યા. તેના હૃદયમાં પણ લાંબા વખતથી દબાઇને ચીમળાઇ રહેલા ઉદાર ભાવો જાગૃત થયા અને પોતાને પણ તેમના એક ત્રીજા મિત્ર તરીકે ગણવાની તે બેઉને વિનતિ કરી.

પૃષ્ઠ ૩૪: 'અભિમાન'-શ્રી ગૌરાંગ શ્રીમતી **રાધિકાના** પ્રેમભાવનું દર્શન કરાવતા, અને તે વખતે પોતેજ **રાધાભાવ** ધારણ કરતા. આવી ભાવદશામાં તેમણે પોતેજ **રાધાભાવે શ્રી**કૃષ્ણની પ્રતીક્ષા કરવામાં અનેક રાત્રિઓ વ્યતીત કરી, છતાં તેમનું દર્શન ન થયુ ત્યારે શ્રીમતીજીએ જેમ એકવાર રીસ ચડાવી હતી, તેમ શ્રી **ગૌ**રાંગને પણ રીસ ચડી અને **શ્રી**કૃષ્ણને કદી જોઇશ નહિ તેમજ તેની યાદ આપે એવી વસ્તુઓ તરફ પણ નજર નહિ કરૂં એવા ઉદ્દગાર પ્રકટ કર્યા. પણ બીજીજ પળે તેમણે પોતાનાજ હૃદયમાં કાયમને માટે ઘર કરી બેઠેલી કૃષ્ણની છબી જોઇ, એટલે તરતજ પ્રેમનો ફૂવારો ફૂટયો અને **" आश्लिष्य माम् "** એવા ભાવનો શ્લોક તેમના મુખમાંથી નીકળી ગયો.

પૃ. ૩૭: જગાઈ, મધાઈ

આ બેઉ ભાઈઓ બંગાળના નવદ્વીપ (નદીઆ) નગરના કોટવાલ હતા. તેમના હાથમાં દિવાની અને ફોજદારી બેઉ પ્રકારની સત્તાઓ હતી. તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ હોવા છતાં મદ્યમાંસના સેવનમાં ચકચૂર રહેતા અને સત્તાનો દુરુપયોગ કરી રૈયતને રંજાડતા. એમના ત્રાસથી નવદ્વીપના વતનીઓ ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહ્યા હતા. ઈ. સ. ૧૫૦૯માં શ્રી ચૈતન્યે પ્રેમધર્મનો પ્રચાર કરવાની શરૂઆત કરી, અને નિત્યાનંદ દરેકના આંગણામાં જઈ ઉભા રહેતા અને હરિનામનો અહાલેક સંભળાવી, તેને ભગવાનનું ભજન કરવાની વિનતિ કરી બીજે ઘેર જતા. એ પ્રમાણે કરતા કરતા તે જગાઈ મધાઈના ઘર આગળ જઈ ચડ્યા. આ વખતે આ બે ભાઈ દારૂ પીને સૂઈ રહ્યા હતા, તેમને આ અણનેડ્યા આવીને ઉમેલા સાધુ ઉપર ક્રોધ ચડ્યો અને મારવા દોડ્યા. નિત્યાનંદ નાસી ગયા અને શ્રી ચૈતન્ય પ્રભુ પાસે જઈને આંખમાં આંસુ લાવી પ્રાર્થના કરી કે તમે આ મહાપાપીઓનો અવશ્ય ઉદ્ધાર કરૌજ કરો. તે ઉપરથી શ્રી ચૈતન્ય પોતાના ભક્તમંડળ સાથે કીર્તન કરતા કરતા જગાઈ મધાઈના ઘર આગળ ગયા. સૌથી આગળ નિત્યાનંદ ચાલતા હતા. જગાઈ મધાઈએ ક્રોધાવેશમાં નિત્યાનંદના માથામાં પત્થર માર્યો. લોહીથી દદડતા નિત્યાનંદે જગાઈને કહ્યું કે તારે પત્થર મારવા હોય તેટલા માર પણ

એક વાર હરિનામ લે. આથી બન્ને પિગળ્યા. નિતાઇની પ્રાર્થનાથી શ્રી ચૈતન્ય પ્રભુએ તેમને પાપમુક્ત કર્યા, અને તેમના જીવનમાં પરિવર્તન કર્યું. તે દિવસથી તેઓ અત્યંત વિનમ્ર અને દીન સ્વભાવના બની ગયા. તેમણે પોતાનું બાકીનું આખું જીવન સાધુ તરીકે વ્યતીત કર્યું. એમના વંશજો હજીપણ પોતાના એક વારના દારૂડીઆ પણ શ્રી ચૈતન્યની કૃપાથી સંત બની ગયલા પૂર્વજને અભિમાન સહિત યાદ કરે છે.

અશ્વિનીબાબુનો પરિચય

——[x]——

માનવ બન્ધુઓની નિષ્કામ પ્રેમથી અને નિરભિમાન-પણે આમરણ સેવા કરનાર અને તેમ કરવા જતાં વિપત્તિ-ઓના ઝપાટાને ઇશ્વિર પર પૂર્ણ શ્રદ્ધા રાખીને મૂગે મ્હોડે સહન કરનાર સંત અને 'સ્વદેશસેવક તરીકે અશ્વિનીકુમાર દત્તનું નામ બંગાળામાં ઘણું જાણીતું છે. એમનો જન્મ ઇ. સ. ૧૮૫૬માં થયો હતો. એમના પિતા બ્રિજમોહન દત્ત, જેના નામનું સ્મરણ એક મહાવિદ્યાલય હજીએ જાળવી રહ્યું છે, તે તે વખતે સ્મૉલ કૉઝ કૉર્ટના એક સુવિખ્યાત ન્યાયાધીશ હતા. સ્વાતંત્ર્યપ્રિયતા અને વ્યવહારદક્ષતા, એ બે ગુણો અશ્વિનીકુમારને તેમના પિતાએ વારસામાં આપ્યા

હતા. સહિષ્ણુતા, ચિત્તની સ્થિરતા, દૃઢ આગ્રહ, નિષ્ઠા વગેરે સુંદર ગુણો, એ તેમની માતાની બક્ષીસ હતી.

ઈ. સ. ૧૮૬૯માં તેરજ વર્ષની વયે **અશ્વિનીકુમારે** મેટ્રિક્યુલેશનની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરી. ૧૮૭૮માં તેમણે બી. એ.ની, બીજેજ વર્ષે એમ. એ. ની અને ત્યાર પછી બે વર્ષે બી. એલ. (વકીલાતની) પરીક્ષાઓ પસાર કરી. મેટ્રિક્યુલેશન અને બી. એ.ની વચ્ચેના નવ વર્ષના લાંબા ગાળાનુ કારણુ શોધતાં, **અશ્વિનીકુમારનુ** ચારિત્ર્યબળ પ્રકાશમાં આવી જાય છે. કલકત્તા યુનિવર્સિટીમાં તે વખતે ૧૬ કરતાં ઓછી ઉમ્મરના ઉમેદવારને મેટ્રિક્યુલેશનની પરીક્ષા આપવા દેવામાં આવતી નહોતી. એમની ઉમ્મરના સર્ટિફિકેટમાં કોઈએ ઉમ્મરના આંકડામાં ફેરફારી કરી. એ બીના પાછળથી એમના જાણવવામાં આવતાં એમણે સ્વેચ્છાથી ત્રણ વર્ષ સુધી બી. એ.ની પરીક્ષા આપવાનુ મુલતવી રાખ્યુ. એજ અરસામાં એટલે સને ૧૮૭૫માં એમણે **"સાધારણ ધર્મ સભા"**ની સ્થાપના કરી, જેમાં વિશેષતા એ હતી કે સનાતની બ્રાહ્મણ પંડિત, ખ્રિસ્તી ધર્મોપદેશક અને મુસલમાન મૌલવી, ત્રણે એકજ વેદી ઉપરથી વ્યાખ્યાન આપતા હતા. આવી ઉદારમતાવલંબી ધર્મસભા સ્થાપવાની ભાવના એક ૧૮ વર્ષના યુવકના હૃદયમાંથી જન્મી.

શિક્ષણના ધંધા તરફ **અશ્વિનીકુમારને** સ્વાભાવિક અનુરાગ હતો. બી. એ. ની પરીક્ષામાં પાસ થયા પછી તરતજ સેરામપુરની એક માધ્યમિકશાળામાં તેમણે શિક્ષકનું કામ કરવા

માંડયું. થોડાજ વખતમાં આ અદ્‌ભુત શકિતસંપન્ન અને ચારિત્ર્યવાન શિક્ષકે આખી સંસ્થાનું સ્વરૂપ પલટાવી નાંખ્યું. તેના નીતિ-સિદ્ધાંતોની શુભ અસર વિદ્યાર્થીવર્ગ ઉપર સદાને માટે થવા પામી. બે વર્ષ પછી વકીલાતના ધંધામાં જોડાવા માટે જ્યારે તેમણે આ જગ્યા છોડી ત્યારે તેમના નવા અને જૂના વિદ્યાર્થીઓએ તેમજ શિક્ષકબંધુઓએ જે સાચા હૃદયના ભાવ દર્શાવ્યા, તેજ તેમણે કરેલા સંગીન કાર્યનું સુંદરમાં સુંદર પ્રમાણ છે.

દીવો જ્યાં જાય છે, ત્યાં પોતાનો પ્રકાશ ફેલાવે છે. અશ્વિની બાબુ વકીલ થયા એટલે તેમણે પોતાનાં પ્રતિભા અને ચારિત્ર્યબળથી વકીલ મંડળને પણ દોષમુકત કર્યું, અને એ ધંધાને પણ તેમણે પોતાનાં બુદ્ધિ, જ્ઞાન અને પ્રામાણિકપણાથી દીપાવ્યો. આ ધંધામાં જો તે છેવટ સુધી રહ્યા રહ્યા હોત તો ડૉ. રાસ બિહારી ઘોષનું સ્થાન તેમણે પ્રાપ્ત કર્યું હોત, એમ તે વખતના સારામાં સારા ધારાશાસ્ત્રી શ્રી ભૂપેન્દ્રનાથ બોઝે કોન્ગ્રેસના પ્રમુખપદેથી જણાવ્યું હતું. પણ અશ્વિની બાબુનું ભાવિ અને તેમના મનનું વલણ તેમને શિક્ષકની વૃત્તિ તરફ ઘસડી રહ્યું હતુ. વકીલાતમાં તેમના આત્માને પ્રસન્નતા મળતી ન હતી. હું વકીલ થવા નિર્માયો નથી એવું તેમનું અંતઃકરણ વારંવાર કહ્યા કરતું હતું. આખરે તેમણે વકીલાત છોડી અને તેઓ પાછા શિક્ષક થયા. પોતાના પિતાએ પોષેલી બ્રિજમોહન કૉલેજમાં તેમણે અંગ્રેજી

સાહિત્યના અધ્યાપક તરીકે તદ્દન વગર પગારે ૧૭ વર્ષ સુધી સેવા કરી. એ સસ્થાને એક સામાન્ય માધ્યમિક શાળામાંથી સપૂર્ણ મહાવિદ્યાલયમાં ફેરવી નાખનાર અશ્વિની બાબુજ હતા. તેના મકાન અને ઉપકરણો પાછળ એમણે રૂ. ૩૫૦૦૦ તો પોતાના પદરના જ ખર્ચ્યા હતા.

એ સંસ્થાનો વહીવટ અશ્વિની બાબુ એક ટ્રસ્ટીઓના મંડળને અને વ્યવસ્થાપક સમિતિને સોંપી ગયા છે. સરકારની મદદ વગર ચલાવી લેવાનો એમણે બનતો પ્રયત્ન કર્યો હતો અને તે અર્થે ભારે જાતિભોગ પણ આપ્યો હતો. પણ યુનિવર્સિટીએ ઠરાવેલી ખરચાળ પદ્ધતિ મુજબ મહાવિદ્યાલય ચલાવવું અને સરકારી નાણાની મદદ ન લેવી એ બની શક્યું નહિ. ગરીબ વિદ્યાર્થીઓને સહાયતા આપવી અને માંદાં નિરાધાર માણસોની સેવા કરવાનુ વ્રત લેનાર એક સ્વયસેવક મંડળ, એ આ સંસ્થાનું એક ખાસ ભૂષણ છે. એની સેવાની કદર પ્રજા અને સરકાર બેઉ મુક્તકંઠે કરે છે. ધાર્મિક શિક્ષણની પણ આ સંસ્થામાં "બાંધવ સમિતિ" દ્વારા અનોખી વ્યવસ્થા છે. પરધર્મસહિષ્ણુતા એ અહીંનો જાણે મુદ્રાલેખ હોય તેમ મુસલમાન મૌલવી અને બ્રાહ્મણ પંડિત ધર્મનાં પ્રવચનો કરે છે.

બારિસલની મ્યુનિસિપાલિટિનું પ્રમુખપદ અશ્વિની બાબુએ ઘણાં વર્ષ સુધી ભોગવ્યું હતું. ત્યાંની જીલ્લા અને લોકલબોર્ડના પણ

તેઓ આગેવાન સભ્ય હતા. મદ્યનિષેધના કાર્યમાં તેમણે કરેલી સાચી સેવાની પિછાન ઉદાર સ્વભાવના અંગ્રેજ અમલદારોને પણ કર્યા વગર ચાલ્યુ નથી.

સને ૧૯૦૬માં બંગભંગ પ્રકરણથી આખો બંગદેશ હલમલી રહ્યો હતો, તે વર્ષમાં ત્યાં ભારે દુષ્કાળ પણ પડ્યો હતો. દુષ્કાળ નિવારણ સમિતિ સ્થાપીને તેમાં પ્રાણ પ્રેરનાર અશ્વિની બાબુ હતા. પ્રજાને જ્યાં જ્યાં તેમની સેવાની જરૂર પડતી ત્યાં ત્યાં પ્રજાનો આ સાચો સેવક હાજરજ હોય. આ વખતે તેમની તબીયત નાદુરસ્ત હતી. છેલ્લાં આઠ વર્ષથી તેઓ મધુપ્રમેહથી પીડાતા હતા. પણ તે છતાં, ભૂખે મરતાંની વ્હારે ધાવાની વખતે પોતાના શરીરનો વિચાર કરે એવા અશ્વિની કુમાર ન હતા. અદમ્ય ઉત્સાહ અને અદ્ભુત કાર્યકારિણી શકિત વડે તેમણે દુષ્કાળનિવારણનાં ૧૫૫ કેન્દ્રો ઉઘાડયાં અને દર અઠવાડીએ રૂા૦ ૬૦૦૦નું અનાજ, વસ્ત્ર આ૦ વહેંચવાનો પ્રબંધ કરી નાખ્યો. આ કાર્ય આખું વર્ષ ચાલ્યું. તેમના પ્રાણથી પ્રાણવાન થએલા સ્વયંસેવકો બધે ફરી વળતા અને આબાલવૃદ્ધ સૌને સાંત્વન આપતા. અશ્વિની બાબુ જિંદગીભરની સેવા વડે "પ્રજાના પિતા" ગણાવા લાગ્યા હતા.

પણ લાખો માણસોના હૃદયપર રાજ્ય કરનાર વ્યકિત શિક્ષક અને સમાજસેવક હોય અને તેના કાર્યોમાં રાજનૈતિક પણાની ગંધ પણ ન હોય તોપણ આવા માણસ સરકારની આંખમાં ખૂચ્યા વિના કેમ રહે? સરકારી અમલદારો તેમના

તરફ શકની નજરથી જોવા લાગ્યા. રાજનૈતિક વિષયમાં તે વિનીત પક્ષના હોવા છતાં છાયાભડકણ અમલદારોની કાળીપોથીયાં તેમનુ નામ રાજનૈતિક ક્રાન્તિવાદી તરીકે નોંધાઈ ગયુ. પોલિસ અમલદારોએ અને તેમના ચાડીઆઓએ કાગનો વાઘ કર્યો. એમનાં પ્રત્યેક કાર્યમાં સરકારને રાજ-દ્રોહની ગંધ આવી. દુષ્કાળનિવારણના કાર્યમાં તેમણે કરેલી સેવા, એમાં પણ સરકારની આંખે રાજનૈતિક હેતુ દેખાવા લાગ્યો. તેમણે અનિચ્છાએ પ્રાપ્ત કરેલી લોકપ્રીતિ એ પણ તેમનો અક્ષમ્ય અપરાધ થઇ પડયો. ૧૯૦૬ની બારિસલની બંગ પ્રાંતિક પરિષદની સ્વાગતકારિણીસભાના પ્રમુખ તરીકે તેમણે હિંદ અને બ્રિટનના સબંધને અભિનંદ્યો, તોપણ પ્રત્યેક લોકસેવક તરફ શકની નજરથી જોનાર સરકારને અશ્વિની-કુમાર ભયકર રાજદ્રોહી દેખાયા. એમણે સ્વદેશી વસ્તુઓ તરફ બતાવેલો પ્રેમ અને બારિસાલે સફળતાથી કરેલો બહિષ્કાર સરકારની આંખમાં ખૂચ્યો. તેમાં પણ તેમને બ્રિટિશ રાજ્ય તરફ વેર અને તિરસ્કારની ગધ આવી. આખરે આવા માણસને પ્રજાની સાથે રહેવા દેવાનુ સલામત ન લાગવાથી સરકારે ૧૯૦૯ માં, અશ્વિની બાબુને દેશનિકાલ કર્યા. એમણે સ્થાપેલાં મંડળો અને સંસ્થાઓ ઉપર પણ સરકારનું ખપ્પર ફરી વળ્યું. એમનાં મહાવિદ્યાલયને પણ ઘણું સોસવું પડયુ. અશ્વિની બાબુને કરેલા અન્યાયનુ વાજબીપણું સાબીત કરતાં સરકારને ભારે પડયુ. સરકારના પાળેલા પોષેલા વેલેન્ટાઇન શિરોલે પણ તેમના

આ કાર્યની 'લંડન ટાઇમ્સ'માં ઝાટકણી કહાડી, ત્યારે આ ગળાઈ ગએલી માખીને ઓકી કહાડવાની ફરજ પડી. અને અશ્વિની બાબુને પાછા પોતાના બાંધવોના ભેગા થવા દીધા. તા. ૭મી નવેમ્બર, ૧૯૨૩ને દિવસે એમનુ અવસાન થયું ત્યાં સુધી એમણે શાંતપણે પોતાના પ્રિય વિદ્યાલયની અને તે દ્વારા સ્વદેશની સતત સેવા કરી છે. અશ્વિની બાબુ શિક્ષક અને સમાજસેવક ઉપરાંત ભગવાનના સાચા ભક્ત હતા. ભક્તિનાં તત્ત્વોનો તેમણે ઉંડો અભ્યાસ કર્યો હતો અને સાધનાદ્વારા તેનો અનુભવ લીધો હતો. આખા હિંદમાં પ્રવાસ કરીને તેમણે જૂદા જૂદા પ્રાન્તોની વિવિધતાનું, ને રીતરિવાજોનું અવલોકન કર્યું હતુ. શરૂઆતમાં તેમનું વલણ બ્રાહ્મ સમાજ તરફ હતું, પરંતુ પાછળથી એથી એ આગળ વધીને ધર્મનાં વધારે ગંભીર સત્યોને તેમણે ઝીલ્યાં હતાં.

તેમના ધાર્મિક જીવનનુ નવનીત તેમણે પોતાના **ભક્તિયોગ** નામના પુસ્તકમાં સંગ્રહ્યું છે. બંગાળામાં એને ભારે પ્રચાર થયો છે, એટલુંજ નહિ પણ હિંદી, ગુજરાતી તેમજ અંગ્રેજીમાં પણ તેના અનુવાદ થઇ ચુકયા છે. પ્રખ્યાત અંગ્રેજ વિવેચક સ્ટોપફર્ડ બ્રુકને તેનું વાચન કરતાં પશ્ચિમના સંસારની કોલાહલમાંથી કોઈ પ્રશાંત જગતમાં સંચાર કર્યાનો અનુભવ થયો હતો. પ્રો૦ ડાઉડન તેની પ્રશંસા કરતાં કહેછે કે પશ્ચિમ અને પૂર્વના સત્યપિપાસુ આત્માઓ એકજ માર્ગે ગતિ કરે છે, તે મેં આ પુસ્તકદ્વારા જાણ્યું. ભક્તિતત્ત્વની

સમાલોચના કરનારાં જે થોડાંક ઉત્તમ પુસ્તકો સૌનું ધ્યાન ખેંચી રહ્યાં છે, તેમાંનું એ એક છે. એમનું બીજું પ્રસિદ્ધ પુસ્તક **કર્મયોગ** છે. બંગભંગ વખતે અને અસહકારની લડત વખતે **બારિસાલ** બંગાળામાં અગ્રસર રહ્યું છે તેની કુચી **બારિસાલના** સંતા અને મહાન કર્મયોગી નેતા **અશ્વિની**બાબુના જીવંત ઉપદેશ અને આચરણમાં છુપાયલી છે.

ભક્તિરૂપી કલ્પવૃક્ષનું **પ્રેમ** એ પરિપકવ ફળ છે. પ્રેમ જેને **વ્યાસ**, જયદેવ, **વિદ્યાપતિ** વગેરે કવિઓએ ગાયો છે અને છતાં જેનો મહીમા ઘણોજ થોડો સમજાયો છે. તેનું આસ્વાદાન કરીને એ અમૃત નિતારી નિતારીને **અશ્વિની** બાબુએ **પ્રેમ** નામના નાનકડા પુસ્તકમાં ભર્યું છે. એના વડે એમના સાધનનો અને વૈષ્ણવ ધર્મના તાત્વિક ગ્રંથોના અભ્યાસનો આપણને પરિચય થાય છે. પ્રેમતત્ત્વનું આવું ઝીણું પૃથક્કરણ કરીને તેને પ્રાપ્ત કરવાનો સુંદર રાજમાર્ગ બતાવનાર આ પુસ્તક છે.

ગુજરાતને માટે આ એક નવીન આવિષ્કાર છે. ચૈતન્ય ચરિતામૃત, ભક્તિરસામૃત સિન્ધુ, હરિભક્તિવિલાસ વગેરે સંસ્કૃત અને બંગાળી તાત્વિક ગ્રંથોમાંથી શુદ્ધ **પ્રેમનો** અર્ક ખેંચી કહાડીને સૌ કોઈ ગ્રહણ કરી શકે એવી નૂતન ઢબે **અશ્વિની** બાબુએ તેને રજુ કર્યો છે. સૌ વાંચે વિચારે અને જીવનને પ્રેમના સૌરભથી ભરી દે એટલીજ તે પ્રેમસ્વરૂપ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના.

જે કોઈ પ્રેમઅંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે—ધ્રુવ.

સિંહણ કેરું દૂધ હોય તે સિંહણસુતને જરે
કનકપાત્ર પાખે સહુ ધાતુ ફોડીને નીસરે. ૧

મર્કટપારનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે
ક્ષાર સિંધુનું માછલડું જ્યમ મીઠા જળમાં મરે. ૨

સોમવેલી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે
ઇતરવર્ણને વમન કરાવે વેદવાણી ઉચ્ચરે. ૩

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ ના સરે
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે. ૪

એમ કોટિ સાધને પ્રેમ વિના પુરુષોત્તમ પૂઠ ન ફરે
દયા પ્રીતમ શ્રી ગોવર્ધનધર પ્રેમભક્તિએ વરે. ૫